પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક
www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com
Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97
વર્ષ:૨૪, અંક:૭૦, કુલ પાના:૪, તારીખ: ૧૧-૧૧-૨૦૨૦ બુધવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 70 PRICE :-RS. 1.50 DATE : 11-11-2020
EDITOR, PRINTER PUBLISHER & OWNER : AJAY KANTILAL PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)
Whatsapp No.9712880678
PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)


પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### હાલ મતગણના ચાલુ: NDA ૧૨૨ અને મહાગઠબંધન ૧૧૧ સીટો પર આગળ

## બિહારમાં કોકડુ ગૂંચવાયુ: NDA-મહાગઠબંધન વચ્ચે કાંટે-કી-ટક્કર

પટના,

આજે બિહાર વિધાનસભા ચૂંટણીનું પરિણામ અત્યારે હાલ લખાઈ રહ્યું છે ત્યાં સુધી આવ્યું નથી પરંતુ પરિણામની વાત કરીએ તો એનડીએ ગઠબંધનને ૧૨૨, મહાગઠબંધનને ૧૧૧ અને અન્યને ૧૦ સીટો મળી રહી છે. સ્પષ્ટ બહુમતી માટે ૨૪૩ સીટોમાંથી ૧૨૨ સીટો મેળવવી જરુરી છે. ૪ વાગ્યા સુધીમાં ૪.૧૦ કરોડ વોટમાંથી ૨.૨૫ કરોડ વોટ એટલે કે અંદાજે ૫૫ ટકા વોટની ગણતરી પૂરી થઈ ગઈ છે. જોકે આરજેડીએ દાવો કર્યો છે કે, બિહારે પરિવર્તન કરી દીધું છે અને મહાગઠબંધનની



સરકાર બનવાનું નક્કી છે. આરજેડીએ કહ્યું છે કે, દરેક જિલ્લામાં મળતી માહિતી પ્રમાણે સ્થિતિ અમારી ફેવરમાં છે. મતગણતરી મોડી રાત સુધી ચાલશે. દરેક ઉમેદવાર અને એજન્ટ કાઉન્ટિંગ પૂરું ન થાય ત્યાં સુધી તેઓ કાઉન્ટિંગ હોલમાં જ રહેશે.

બિહાર ચૂંટણીના રુઝાનમાં એક કલાકમાં બે સરકાર બનતી જોવા મળી રહી છે. સવારે ૯ વાગે મહાગઠબંધનને ૧૨૦ સીટ મળી ચૂકી હતી અને એનડીએ ૯૦+ સીટ પર હતી. ૧૦ વાગતાં વાગતાં તસવીર બદલાઈ ગઈ. હાલ એનડીએ વધીને ૧૨૨ પહોંચી ગઈ અને મહાગઠબંધન ઘટીને ૧૧૧ પર આવી ગઈ છે.

બિહાર વિધાનસભાની ચૂંટણીમાં આરંભિક તબક્કે તીવ્ર રસાકસી પછી હવે એનડીએની સરસાઈ સતત વધી રહી છે અને મહાગઠબંધન બે આંકડામાં સમેટાઈ રહેલું જણાય છે. પીછેહઠ કરનારા મહારથીઓ પૈકી શત્રુઘ્ન સિંહાનો પુત્ર લવ સિંહા ઉપરાંત દિગ્ગજ નેતા શરદ યાદવની પુત્રી પાછળ ચાલી રહ્યાં છે. લાલુપ્રસાદ યાદવના પુત્ર તેજપ્રતાપ પણ હાલ પાછળ છે. પોતાને મુખ્યમંત્રીપદની દાવેદાર ગણાવનાર પુષ્પમ પ્રિયા બંને બેઠક પર પાછળ છે.

ત્રણ તબક્કામાં યોજાયેલી ચૂંટણીમાં ૭.૩૪ કરોડ મતદાતામાંથી ૫૭.૦૫%એ મતદાન કર્યું. ૨૦૧૫માં ૫૬.૬૬% મતદાન થયું હતું. આ વખતે ૩,૭૩૩ ઉમેદવાર મેદાનમાં છે, જેમાંથી ૩,૩૬૨ પુરુષ, ૩૭૦ મહિલાઓ અને ૧ ટ્રાન્સજેન્ડર છે.

ભાજપને રાજ્યમાં ૨૦૧૫થી વધુ બેઠકો મળતી હોય તેવું લાગે છે. હમણાં સુધીમાં ભાજપ ૭૦થી ૮૦ બેઠક મેળવી શકે છે. ૨૦૧૫માં તેણે ૫૩ બેઠક જીતી હતી. જેડીયુને આશરે ૨૦થી ૨૫ સીટનું નુકસાન થઈ રહેલું જોવા મળે છે. તેને ૪૫થી ૫૦ બેઠકો મળી શકે છે.

વર્તમાન પરિણામોની સાથે બિહાર અને NDAમાં ઘણો ફેરફાર થવાનો છે. બિહારમાં ભાજપ અને જેડીયુની ભૂમિકા અને સ્થિતિ બંને બદલાશે. જેડીયુ અત્યારસુધીમાં બિહારમાં ભાજપના મોટા ભાઈની ભૂમિકામાં હોય છે. સીટોની વહેંચણીમાં પણ આ જોવા મળ્યું હતું. નીતીશ કહી રહ્યા છે કે અમે બિહારમાં રાજનીતિ કરીશું, ભાજપ કેન્દ્રમાં રાજનીતિ કરે.

મોટા અને નાનાભાઈની ભૂમિકામાં ફેરફાર એક-બે વર્ષમાં નહીં, પણ ૨૦ વર્ષમાં થયો છે. કેટલીક ચૂંટણીઓમાં ભાજપને પણ જેડીયુ કરતાં વધારે બેઠકો મળી હતી. આ હોવા છતાં જેડીયુ અને નીતીશે ભાજપને નાનો ભાઈ ન માન્યો.

૨૦૧૯ની લોકસભાની ચૂંટણીમાં ભાજપ અને જેડીયુએ ૧૭-૧૭બેઠક પર અને એલજેપીએ ૬ બેઠક પર ચૂંટણી લડ્યું હતું. ભાજપે તેના ક્વોટામાં તમામ ૧૭ બેઠક જીતી લીધી હતી. જેડીયુ ૧૭માંથી ૧૬ બેઠક જીતી, જ્યારે એલજેપીએ પણ તેના ક્વોટામાં તમામ ૬ બેઠક જીતી હતી.

## દૈનિક કેસમાં ઘટાડો, છેલ્લા ૨૪ કલાકમાં નોધાયા ૩૮૦૭૪ નવા કેસ

ન્યુ દિલ્હી,

કોરોના વાયરસના રોજિંદા કેસોમાં તાજેતરના સમયમાં સૌથી મોટો ઘટાડો જોવા મળ્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં ૩૮,૦૭૪ નવા કેસ નોંધાયા છે, જે નોંધાયેલા ૪૫,૯૦૩ કેસો કરતા નોંધપાત્ર રીતે ઓછા છે. તે જ સમયે, આ સમયગાળા દરમિયાન દૈનિક મૃત્યુમાં પણ ઘટાડો થયો છે. સતત બીજા દિવસે મૃત્યુઆંક ૫૦૦ થી ઓછો રહ્યો છે.




કેન્દ્રીય આરોગ્ય મંત્રાલય અનુસાર, છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાયરસના ૩૮,૦૭૪ નવા કેસ નોંધાયા છે. તે જ સમયે, કોવિડ -૧૯ ને કારણે ૪૪૮ લોકોએ જીવ ગુમાવ્યો છે. દેશમાં કોરોના વાયરસના ઈન્ફેક્શનની કુલ સંખ્યા ૮૫,૯૧,૭૩૧ છે. છેલ્લા ૨૪ કલાકમાં ૪૨,૦૩૩ નવા ડિસ્ચાર્જ સાથે કુલ સાધ્ય કેસ ૭૯,૫૯,૪૦૬ છે. મળતી માહિતી મુજબ દેશમાં કોરોનાથી રીકવર થયેલા દર્દીઓની સંખ્યા ૭૯,૫૯,૪૦૬ છે. છેલ્લા ૨૪ કલાકમાં, ૪૨,૦૩૩ દર્દીઓ ચેપથી મુક્ત, હોસ્પિટલમાંથી ઘરે પાછા ફર્યા છે. તે જ સમયે, દેશમાં સક્રિય કેસની સંખ્યા ૭ લાખથી ઓછી છે.

મંત્રાલયના ડેટા મુજબ, દેશમાં સક્રિય કેસની સંખ્યા ૫,૦૫,૨૬૫ છે. છેલ્લા ૨૪ કલાકમાં તેમાં ૪,૪૦૮ નો ઘટાડો થયો છે. તે જ સમયે, કોરોનાને કારણે પોતાનો જીવ ગુમાવનારા લોકોની સંખ્યા ૧,૨૭,૦૫૯ છે.

### આઠ વિધાનસભા બેઠકો પર ભાજપની ક્લિનસ્વિપ, કોંગ્રેસ ખાતુ પણ ખોલાવી ન શકી

## ભાજપમાં દિવાળી, કોંગ્રેસમાં સન્નાટો: આઠ બેઠક પર કમળ ખીલ્યું

ગાંધીનગર,

ગુજરાત રાજ્યમાં વિધાનસભાની તમામ આઠ બેઠકો – અબડાસા, લીંબડી, મોરબી, ધારી, ગઢડા, કરજણ, ડાંગ અને કપરાડાની યોજાયેલી પેટા-ચૂંટણીના આજે જાહેર કરાયેલા પરિણામમાં શાસક ભારતીય જનતા પાર્ટીએ જીત હાંસલ કરી છે. કોરોના રોગચાળા વચ્ચે પેટા-ચૂંટણીમાં ૬૦.૭૫ ટકા મતદાન થયું હતું. આજે સવારે આઠ વાગ્યાથી વિધાનસભાની આઠેય બેઠકો ખાતે મતગણતરી શરૂ કરવામાં આવી હતી. સવારે આઠ વાગ્યાથી તમામ



જિલ્લાનાં મતદાન કેન્દ્રો પર મતગણતરીની પ્રક્રિયા શરૂ થઈ ગઈ હતી. પ્રારંભિક મતગણતરીમાં ભાજપ આઠ બેઠકો પર વિજય મેળવ્યો છે, કોંગ્રેસ પાર્ટી એકેય બેઠક પર જીતી શકી નથી.

મતકેન્દ્રો ઉપર ૨૫ ખંડમાં ૯૭ ટેબલ પર ગણતરી કરવામાં આવી હતી. કુલ ૩૨૦ કર્મચારીઓ મતગણતરીના કાર્યમાં જોડાયા હતા. ૧૭ મતદાન મથકો પર ઈફ્સ થી મતગણતરી કરવામાં આવી હતી. કુલ ૯૭ ટેબલ પર મતગણતરી હાથ ધરાઈ હતી. કોરોનાને લઈને મતગણતરી માટે તમામ કાઉન્ટિંગ કેન્દ્રોને સેનિટાઈઝ કરવામાં આવ્યા હતા. ત્રીજી નવેમ્બરે રાજ્યમાં આઠ વિધાનસભા બેઠકો – અબડાસા, લીંબડી, મોરબી, ધારી, ગઢડા, કરજણ, ડાંગ અને કપરાડા ખાતે

(અનુ.પાના.નં.૨)






# મહીસાગર જિલ્લામાં આજે ૧૨ પોઝિટિવ કેસ : જિલ્લામાં કોરોનાના કુલ ૧૩૪૮ પોઝીટીવ કેસ નોંધાયા



લુણાવાડા,
કોરોના વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોની જાગૃતિ એટલી જ જરૂરી છે. જાગૃતિ અને સાવધાની એ જ બચાવનું શ્રેષ્ઠ માધ્યમ સાબિત થયા છે. ત્યારે મહીસાગર જિલ્લા કલેકટર આર. બી. બારડ અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ ભરવામાં આવી રહ્યા છે. મહીસાગર જિલ્લામાં આજે બાલાસિનોર તાલુકાના ૦૬ પુરૂષ, ખાનપુર તાલુકાની ૦૧ સ્ત્રી, ૦૨ પુરૂષ, લુણાવાડા તાલુકાના ૦૨ પુરૂષ, વિરપુર તાલુકાના ૦૧ પુરૂષનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

આમ, જિલ્લામાં કોરોનાના અત્યાર સુધીમાં એટલે કે તારીખ ૧૦-૧૧-૨૦૨૦ના સાંજના ૫-૦૦ વાગ્યા સુધીમાં ૧૩૪૮ કેસ પોઝીટીવ નોધાયા છે. આજે જિલ્લા માં સારવાર લઇ રહેલ દર્દીઓ પૈકી બાલાસિનોર તાલુકાના ૦૧ પુરૂષ, ખાનપુર તાલુકાના ૦૧ પુરૂષ, લુણાવાડા તાલુકાની ૦૧ સ્ત્રી, ૦૩ પુરૂષોએ કોરોનાને મહાત આપતાં રજા આપવામાં આવતાં સ્વગૃહે પરત ફર્યા છે. આમ, જિલ્લાડમાં અત્યાર સુધીમાં કુલ ૧૨૫૪ દર્દીઓ સ્વસ્થ થઇને સ્વગૃહે પરત ફર્યા છે. જિલ્લામાં કોરોનાના સંક્રમણને કારણે ૮ વ્યક્તિનું મૃત્યુ થયા છે. જયારે અન્ય કારણથી ૩૪ દર્દીનુ મૃત્યુ થતાં જિલ્લામાં કુલ ૪૨ મૃત્યુ નોંધાવા પામ્યા છે. અત્યાર સુધીમાં જિલ્લામાં સીઝનફલુ/કોરોનાના કુલ ૭૫૯૯૮ રીપોર્ટ નેગેટીવ આવ્યા છે. તેમજ જિલ્લાના ૧૯૮ વ્યકિતઓને હોમ કવોરોન્ટાઇલ હેઠળ રાખવામાં આવ્યા હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું છે.

મહીસાગર જિલ્લામાં કોરોના પોઝીટીવના કારણે ૧૭ દર્દી ડીસ્ટ્રીકટ હોસ્પિટલ, લુણાવાડા, ૨૫ દર્દી હોમ આઇસોલેશન, ૦૮ દર્દી લુણાવાડા શિતલ નર્સિંગ કોલેજ (CCC) અને ૦૨ દર્દી અન્ય જિલ્લા ખાતે સારવાર હેઠળ છે. કોરોના પોઝીટીવ આવેલ દર્દીઓ પૈકી ૪૮ દર્દીઓ સ્ટેબલ, ૦૪ દર્દીઓ ઓક્સિજન પર છે.

## મહીસાગર જિલ્લાના ખેડૂતોએ ખેડૂત અકસ્માત વીમા યોજના અંતર્ગત લાભ મેળવવા સૂચન

લુણાવાડા,
અકસ્માત થી મૃત્યુ થાય અને મૃત્યુ પામનાર ના નામે જમીન હોય અથવા તેમના પિતાના નામે જમીન હોય તો ખેડૂત અકસ્માત વીમા યોજના અંતરગત વીમા નિયામક દ્વારા બે લાખ સુધીની સહાય આપવામાં આવે છે. જેની અરજી કરવા માટે મૃત્યુ ની તારીખથી ૧૫૦ દિવસ સુધીમાં અરજી કરવાની હોય છે જેના માટે જિલ્લા ખેતીવાડી અધિકારીની કચેરી, સી-૧૦૮ જિલ્લા પંચાયત, લુણાવાડા મહિસાગર ખાતે અરજી કરવાની રહે છે. જેમાં મુખ્ય સાધનિક કાગળો જેવા કે એફઆરઆઇ, પંચનામું, પંચકયાસ, પીએમ રિપોર્ટ, ૭-૧૨, ૮-અ, જમીનમાં નામ દાખલ થયેલ હોય તેના ૬ હક્ક પત્રકની નકલ, પેઢીનામું, બેંકની વિગત, આધાર કાર્ડ, જન્મનો દાખલો, મરણનો દાખલો, એસ.ડી.એમ નો આખરી અહેવાલ જેવા સાધનિક કાગળો સાથે દિન ૧૫૦ પૂર્ણ થાય તે પહેલા અરજી કરવાની રહેશે. વધુ માહિતી માટે ખેતીવાડી ખાતાનો સંપર્ક કરવા જિલ્લા ખેતીવાડી અધિકારી મહીસાગરની અખબારી યાદીમાં જણાવ્યું છે.

# કડાણા તાલુકાના ખેડુત એ કલ્યાણકારી કિસાન પરીવહન યોજનાનો લાભ મેળવી આત્મનિર્ભરતા તરફ પ્રયાણ



તસ્વીર : કિરન પટેલ, લુણાવાડા

લુણાવાડા,
ગુજરાત સરકાર દ્વારા સાત પગલાં ખેડૂત કલ્યાણના અંતર્ગત મુખ્યમંત્રી કિસાન પરિવહન યોજનામાં ખેડૂતો પોતાના ખેત ઉત્પાદનો બજારોમાં સરળતાપૂર્વક લઈ જઈ સારા ભાવે વેચાણ કરી શકે તે માટે મધ્યમ માલવાહક યોજના શરૂ કરવામાં આવી છે. કોરોનાના સંકટકાળમાં સંવેદનશીલ મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીની સાત પગલા ખેડૂત કલ્યાણ અંતર્ગત કૃષિલક્ષી કલ્યાણકારી યોજનાઓને ખેડૂતો આવકારી રહ્યા છે. આ યોજનાના પ્રારંભીક સારા પરીણામો જમીની સ્તર પર મહીસાગર જિલ્લામાં જોવા મળી રહ્યા છે. જેનો લાભ મેળવનાર મહીસાગર જિલ્લાના કાળુભાઇ ખાંટના ખેડૂત પરીવારે આત્મનિર્ભરતા તરફ પ્રયાણ કર્યું છે.

આ યોજનામાં રૂપિયા પંચોતેર હજારની સહાય મેળવી વાહન ખરીદનાર કડાણા તાલુકાના લાડપુર ગામના લાભાર્થી ખેડૂતપુત્ર નરેશભાઇ કાળુભાઇ ખાંટે જણાવ્યુ કે ખેડૂતો માટે કિસાન પરિવહન યોજના લાભદાયી છે. અગાઉ ખેત પેદાશો બજારમાં લઈ જવા તકલીફનો સામનો કરવો પડતો હતો અને સમયસર અમારૂ ખેત ઉત્પાદન બજાર ન પહોંચી શકવાના કારણે ભાવમાં નુકશાન વેઠવું પડતુ હતું પણ હવે પોતાની ખેતપેદાશો સમયસર બજારો સુધી પહોંચવાના કારણે સારો ભાવ પણ મળે છે. આ ઉપરાંત આસપાસના ખેડૂતોના ખેત ઉત્પાદનો બજાર સુધી પહોંચાડી ભાડાની આવક મળતાં આવકમાં વધારો થયો છે. અને અમે આત્મ નિર્ભર બન્યા છીએ. તે બદલ મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણી સરકારનો આભાર વ્યકત કરતાં હર્ષની લાગણી અનુભવી હતી.

જિલ્લા ખેતીવાડી અધિકારી સુમિત પટેલે જણાવ્યું છે કે આ યોજના અંતર્ગત મહીસાગર જિલ્લામાં ૨૦૫ ખેડૂત લાભાર્થીઓને વાહન ખરીદવા પ્રાથમિક મંજૂરી આપવામાં આવેલ છે. જમીન પ્રમાણે મંજૂર થયેલ રૂપિયા પચાસ હજારથી પંચોતેર હજાર સબસિડી સહાય માન્ય થયેલ ચાર ડીલરોને ત્યાં બાદ કરીને જ લાભાર્થી ખેડૂતને વાહન આપવામાં આવે છે તેની પણ મંજૂરી આપી દેવામાં આવી છે.

આ યોજના અંતર્ગત મહીસાગર જિલ્લામાં ૨૦૫ ખેડૂત લાભાર્થીઓને વાહન ખરીદવા પ્રાથમિક મંજૂરી આપવામાં આવતા વાહન ખરીદનાર ખેડૂતો કિસાન પરીવહન યોજનાને ખેડૂતો માટે લાભદાયક અને આવકવૃદ્ધિ કરનારી ગણાવી ખેડૂત હિતલક્ષી યોજના માટે સરકારનો આભાર વ્યકત કરી રહ્યા છે.

# ૧૪ માળનું ભારતનું સૌપ્રથમ પ્રીમિયમ ક્રૂઝ શિપ 'કર્ણિકા' ૧ વર્ષમાં જ ભંગારમાં વેચાયું




ભાવનગર,
ભારતનું સૌથી મોટું અને લક્ઝુરિયસ પેસેન્જર ક્રૂઝ શિપ કર્ણિકાની હરાજી મુંબઈ હાઈકોર્ટમાં સંપન્ન થયા બાદ સત્તાવાર રીતે લંડનની એનકેડી મેરીટાઈમ લિમિટેડને લેટર ઓફ સેલની ફાળવણી કરવામાં આવી હતી અને કેશબાયર દ્વારા કોર્ટ સમક્ષ ૧૧.૬૫ લાખ ડોલરની રકમની ચુકવણી કરવામાં આવી હતી. તરતી જન્નતના હુલામણા નામથી જાણીતી કર્ણિકા લક્ઝુરિયસ ક્રૂઝ શિપની માલિકી જાલેશ ક્રૂઝિસ કંપની દ્વારા ધરાવવામાં આવે છે,

પરંતુ તેઓ નાદાર સાબિત થતાં જહાજને વેચવાનો વારો આવ્યો હતો. અનેક લોકોનાં નાણાં બાકી હોવાથી કોર્ટ કેસમાં ફસાયેલા શિપની હરાજી કોર્ટ દ્વારા કરી અને નાણાંની ચુકવણી કરવાની વ્યવસ્થા ગોઠવાઈ રહી હતી. કોરોના ફેલાતાની સાથે જ કર્ણિકા જહાજ ૧૨મી માર્ચ ૨૦૨૦થી મુંબઈ પોર્ટમાં બાંધી રાખવામાં આવ્યું છે અને હાલ ૬૦ ક્રૂ-મેમ્બરો તેની દેખભાળ કરી રહ્યા છે. આ જહાજ મુંબઈ-દુબઈ વચ્ચે ચલાવવામાં આવી રહ્યું હતું.

કર્ણિકા જહાજમાં મુસાફરો માટે અત્યાધુનિક સુવિધાઓ ઉપલબ્ધ છે અને એ ક્રૂઝ સેવામાં ખાસ્સું લોકપ્રિય છે. એનકેડી મેરીટાઈમ કંપની દ્વારા કોર્ટમાંથી કર્ણિકા ક્રૂઝ શિપ ખરીદવામાં આવ્યું છે અને તેમની પાસેથી ખરીદવા માટે અલંગના શ્રીરામ ગ્રુપ ઉપરાંત બાંગ્લાદેશના શિપબ્રેકરો પણ પ્રયાસ કરી રહ્યા છે. એનકેડી મેરીટાઈમના પ્રતિનિધિઓના જણાવ્યા અનુસાર, જે અંતિમ ખરીદનાર શિપબ્રેકર તરફથી વધુ રકમની ઓફર થશે ત્યાં આ જહાજ ભાંગવામાં આવશે.

### અમેરિકાના નવા રાષ્ટ્રપતિ બિડેન શપથ લીધા બાદ

# કોરોના સામે લડાઈ માટે સૌથી પહેલાં નેશનલ સપ્લાઈ ચેન કમાન્ડરની નિમણૂંક કરશે




વૉશિંગ્ટન,
અમેરિકાના રાષ્ટ્રપતિ પદની ચૂંટણી જીતનાર જો બિડેન ૨૦ જાન્યુઆરીએ શપથ લેનાર છે. ત્યારે અત્યારે એક સવાલ બધાને થઇ રહ્યો છે કે રાષ્ટ્રપતિનો કાર્યભાર સંભાળ્યા બાદ જો બિડેન સૌથી પહેલું કામ શું કરશે? આ સવાલનો જવાબ છે કોરોના સામેની લડાઈ. તેઓ રાષ્ટ્રપતિ પદ પર આવતાની સાથે જ કોરોના સામેની લડાઈને નવી દિશા આપશે, કારણ કે કોરોના વાયરસથી અમેરિકા સૌથી વધારે પીડિત છે.

અમેરિકામાં ત્યાર સુધીમાં કોરોના વાયરસના ૧.૨૮ કરોડ કરતા પણ વધારે દર્દીઓ સામે આવ્યા છે. તો કોરોનાના કારણે ૨.૪૩ લાખ લોકોના મોત થયા છે. આ બધું થવા છતા ડોનાલ્ડ ટ્રમ્પે ના તો પોતે માસ્ક પહેર્યુ કે ના તો લોકો માટે ફરજિયાત કર્યુ.

જેના કારણે દેશના લોકો તો કોરોનાનો ભોગ બન્યા, પરંતુ સાથે રાષ્ટ્રપતિ ટ્રમ્પ પણ કોરોનાનો ભોગ બન્યા. ત્યારે હવે અમેરિકામાં નવા રાષ્ટ્રપતિ જો બિડેને કહ્યું કે પદભાર ગ્રહણ કર્યા બાદ તરત જ તો આખા દેશમાં માસ્કને ફરજિયાત કરશે. જેના માટે તેઓ દરેક રાજ્યના ગવર્નરો સાથે વાત કરશે. જો ગવર્નરોએ તેમની વાત ના માની તો મેયરો સાથે વાત કરશે.

જો બિડેને કહ્યું કે તેઓ કોરોના સામે લડાઈ માટે સૌથી પહેલા નેશનલ સપ્લાઈ ચેન કમાન્ડરની નિમણૂંક કરશે. આ સિવાય પાનડેમિક ટેસ્ટિંગ બોર્ડ પણ બનાવશે, જેના માટે બિડેને એક ટીમનું એલાન પણ કર્યુ છે. જેમાં ભારતવંશી મૂર્તિ પણ સામેલ છે. એવી શક્યતા પણ રહેલી છે કે બિડેન પદભાર ગ્રહણ કરે તેના એક દિવસ પહેલા પેરિસ સમજૂતિમાં અમેરિકાની વાપસી માટે સંયુક્ત રાષ્ટ્રને પત્ર લખવામાં આવશે.

# ટ્રમ્પે વ્હાઈટ હાઉસ છોડ્યા બાદ જેલમાં જવું પડશે...!?



વૉશિંગ્ટન,
પ્રમુખપદની ચૂંટણીમાં પરાજિત થવા છતાં હાલના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ કેમ પરાજય સ્વીકારતા નથી એનો જવાબ કદાચ એ હકીકતમાં છૂપાયેલો છે કે એકવાર વ્હાઈટ હાઉસ છોડે પછી એમને જેલમાં જવું પડી શકે.

બીબીસીના એક રિપોર્ટ મુજબ એમણે પોતાના શાસન દરમિયાન જે ગરબડ ગોટાળા કર્યા હતા એની તપાસ બીડેન કરાવે તો ટ્રમ્પે જેલમાં જવું પડે એટલુંજ નહીં એમની આર્થિક સ્થિતિ પણ બદલાઈ શકે. પ્રમુખપદે હોય ત્યાં સુધી એમની સામે કોઈ ક્રીમીનલ કાર્યવાહી કરી શકાય નહીં.

પેસ યુનિવર્સિટીના બંધારણીય કાયદાના અધ્યાપક પ્રોફેસર બેનેટ ગર્શમેને કહ્યું કે ટ્રમ્પ સામે ક્રીમીનલ કાર્યવાહી થાય એવી પૂરી શક્યતા હતી. પ્રોફેસર ગર્શમેને ન્યૂયોર્કમાં બંધારણીય કાયદાના ધારાશાસ્ત્રી તરીકે દસ વર્ષ સેવા આપી હતી.

અમેરિકી બંધારણનો એમને તલસ્પર્શી અભ્યાસ છે. તેમણે કહ્યું કે ટ્રમ્પ પર બેંક સાથે છેતરપીંડી, મની લોન્ડરીંગ, ચૂંટણીમાં ગોલમાલ, કરચોરી, વગેરે બાબતો પર કાર્યવાહી થઈ શકે છે. અત્યારે મિડિયામાં જે અહેવાલો પ્રગટ થઈ રહ્યા છે એ પણ એવું સૂચવે છે કે ટ્રમ્પ આર્થિક બાબતોના કેસમાં ફસાઈ શકે છે. અમેરિકી મિડિયા રિપોર્ટ મુજબ ટ્રમ્પને મોટી આર્થિક મુશ્કેલીઓ પણ સહન કરવી પડી શકે છે. તેમણે અંગત અને વ્યવસાય માટે ધીંગું કર્જ કર્યું છે. એ કર્જ ચૂકવવાનું છે. દેશના પ્રમુખ હતા ત્યાં સુધી લેણદારો મૂગા બેઠા હતા. એકવાર ટ્રમ્પ વ્હાઈટ હાઉસ છોડે તો લેણદારો એમને છોડશે નહીં. એમની આર્થિક સ્થિતિ એવી છે કે એ મોટું કર્જ ચૂકવી શકે તેમ નથી. ટ્રમ્પના ટીકાકારો કહે છે કે એ પ્રમુખપદે છે એટલે એમની આર્થિક વિટંબણાઓ અને કાનૂની સમસ્યાઓ અટકેલી છે. એકવાર પ્રમુખપદ છોડે એ સાથે એમની ફરતે ગાળિયો લાગી શકે છે. પ્રમુખપદે રહીને પણ તેમણે અમેરિકી કાયદા મુજબ ઘણા અપરાધો આચર્યા છે. એટલે હવે વ્હાઈટ હાઉસ છોડતાં એ ડરે છે.

(પાન નં.૧ નું ચાલુ)

## ભાજપમાં દિવાળી......

કોરોના ગાઇડલાઇન સાથે મતદાન યોજવામાં આવ્યું હતું. સવારે બેલેટપેપર ગણતરીમાં ભાજપ ૭ બેઠકો અને કોંગ્રેસ ૧ બેઠક પર આગળ હતું. ત્યાર બાદ ભાજપે ૮ બેઠકોમાં લીડ મેળવી હતી અને ત્યારબાદ વિજય પ્રાપ્ત કર્યો હતો. પેટાચૂંટણીમાં ભાજપના ઉત્કૃઠ પ્રદર્શનને જોતા કમલમ ખાતે દિવાળી જેવો માહોલ હતો જ્યારે કોંગ્રેસના કાર્યાલય પર સન્નાટો છવાયો હતો.

આઠેય બેઠક પર ભાજપની જીત થઈ છે જ્યારે કોંગ્રેસનો સફાયો થયો છે. ચૂંટણી પહેલા આ આઠેય બેઠક કોંગ્રેસ પાસે હતી. રાજ્ય સભાની ચૂંટણી પહેલા કોંગ્રેસના આઠ ધારાસભ્યોએ રાજીનામું ધરી દીધું હતું. આ કારણે ગુજરાતમાં પેટા-ચૂંટણી યોજવી પડી હતી. આ સાથે જ ગુજરાત વિધાનસભામાં ભારતીય જનતા પાર્ટી (BJP)ની કુલ સભ્ય સંખ્યા વધીને ૧૧૧ પર પહોંચી છે.

પેટા-ચૂંટણી બાદ ગુજરાત વિધાનસભાની સ્થિતિ જોઈએ તો ભાજપના ૧૧૧, કોંગ્રેસના ૬૫, બીટીપીના ૨, એનસીપીના ૧, અપક્ષ ૧ ધારાસભ્ય રહ્યા છે. ૧૮૨ સભ્ય સંખ્યા ધરાવતી ગુજરાત વિધાનસભામાં હાલ બે બેઠક ખાલી પડી છે. આ અંગેનો નિર્ણય ચૂંટણી પંચ તરફથી લેવામાં આવશે. હાલ દેવભૂમિ દ્વારકા અને મોરવા હડફ બેઠક ખાલી પડી છે. અબડાસા પેટા ચૂંટણીમાં ભાજપનો ઐતિહાસિક વિજય થયો છે, અને આ સાથે ભાજપે અબડાસામાં ઈતિહાસ રચાયો છે. ભાજપના ઉમેદવાર પદ્યુમનસિંહ જાડેજાની જીત થઈ છે. ૩૭,૯૨૮ મતથી જીત મેળવી છે. આ સાથે જ અબડાસામાં પ્રદ્યુમનસિંહ જાડેજાએ સળંગ બેવાર જીતવાનો રચ્યો ઈતિહાસ છે.

મોરબીમાં ભાજપના ઉમેદવાર બ્રિજેશ મેરજાને ૬૩૯૫૯ કોંગ્રેસના ઉમેદવાર જયંતી પટેલને ૫૯૫૯૫ મત મળ્યા છે. મોરબીમાં ભાજપના ઉમેદવાર બ્રિજેશ મેરજા ૪૩૫૪ મતથી વિજેતા થયા છે. મોરબી બેઠક પર સાંસદ મોહન કુંડારીયા કિંગ મેકર બન્યા છે. લીંબડી વિધાનસભા પેટા ચૂંટણીમાં ભાજપના ઉમેદવાર કિરીટસિંહ રાણા ૩૫૫૩૯ મતે જીત મેળવી છે. આ સાથે જ કિરીટસિંહ તેમની ભવાન ભરવાડ સામે અગાઉ મળેલી હારનો જીત મેળવીને રેકોર્ડ તોડ્યો છે. અહીં કોંગ્રેસના ધારાસભ્ય સોમા ગાંડા પટેલે રાજીનામું આપી દેતા ચૂંટણી યોજાઈ હતી. જેમાં કિરીટસિંહની મતગણતરીમાં પહેલાથી જ જીત નિશ્ચિત માનવામાં આવી રહી હતી.

કરજણ બેઠકની પેટાચૂંટણીની ભાજપના ઉમેદવાર અક્ષય પટેલનો ૧૬,૪૦૯ મતથી વિજય થયો છે. આમ ભાજપે કોંગ્રેસ પાસેથી કરજણ બેઠક આંચકી લીધી છે. ભાજપના ઉમેદવાર અક્ષય પટેલને ૭૬,૮૩૧ મત અને કોંગ્રેસના ઉમેદવાર કિરીટસિંહ જાડેજાને ૬૦૪૨૨ મત મળ્યા હતા.

જોકે, ૧૫થી ૧૮ રાઉન્ડ સુધીમાં ભાજપના ઉમેદવારની લીડમાં ૫૮૬૧ મતનો ઘટાડો થયો હતો. જોકે ૧૯થી ૨૯માં રાઉન્ડમાં ભાજપની લીડમાં ૧૦,૮૦૮ મતની લીડ વધી ગઇ હતી, જેથી કોંગ્રેસના ઉમેદવારે હાર સ્વીકારીને મતગણતરી કેન્દ્રમાંથી બહાર નીકળી ગયા હતા.

# નવેમ્બરમાં નિકાસ ૨૨.૪૭% વધી, અર્થતંત્ર સુધારાના માર્ગે

ન્યુ દિલ્હી,
દેશના અર્થતંત્ર માટે સુધારાના સંકેત છે. નવેમ્બરના પહેલા સપ્તાહમાં દેશની નિકાસ વાર્ષિક ધોરણે ૨૨.૪૭ ટકકા વધીને ૬.૭૫ અબજ ડોલરે પહોંચી છે, જેમાં મુખ્યત્વે ફાર્માસ્યુટિકલ્સ, જેમ્સ અને જ્વેલરી અને એન્જિનિયરિંગ સેક્ટરનો નોંધપાત્ર ગ્રોથને પ્રતાપે છે, એમ એક અધિકારીએ જણાવ્યું હતું. ગયા વર્ષે નવેમ્બરના પહેલા સપ્તાહ સુધીમાં ૫.૫૧ અબજ ડોલર હતી.

ચાલુ વર્ષે ૧-૭ નવેમ્બરમાં આયાત ૧૩.૬૪ ટકા વધીને ૯.૩૦ અબજ ડોલર (૮.૧૯ અબજ ડોલર) થઈ ગઈ છે. પેટ્રોલિયમ સિવાયની આયાત સપ્તાહ દરમ્યાન ૨૩.૩૭ ટકા વધી હતી. સપ્તાહ દરમ્યાન વેપાર ખાધ ૨.૫૫ અબજ ડોલર રહી હતી, એમ અધિકારીએ કહ્યું હતું.

ફાર્માસ્યુટિકલ્સ અને જેમ અને જ્વેલરીની નિકાસ ૩૨ ટકા વધીને ૧૩.૯૧૨ કરોડ ડોલર અને ૮૮.૮ ટકા વધીને ૩૩૬.૦૭૧ કરોડ ડોલર થઈ છે. એ જ રીતે સપ્તાહ દરમ્યાન એન્જિનિયરિંગ માલસામાનની નિકાસ ૧૬.૭ ટકકા વધીને ૨૧.૫૧૩ કરોડ ડોલર થઈ હતી. જોકે નિકાસમાં નકારાત્મક ગ્રોથ દર્શાવનારાં ક્ષેત્રોમાં પેટ્રોલિયમ, મરિન પ્રોડકટ્સ અને લેધર ક્ષેત્ર છે. સમીક્ષા હેઠળના ગાળા દરમ્યાન અમેરિકા, હોંગકોંગ અને સિંગાપુરમાં નિકાસ ક્રમશઃ ૫૩.૯૧ ટકા, ૧૭.૬૨ ટકા અને ૯૦.૭૬ ટકા વધી હતી. દેશની નિકાસ સપ્ટેમ્બરમાં પણ પોઝિટિવ ગ્રોથ નોંધાયો હતો, પણ ઓક્ટોબરમાં નિકાસ ૫.૪ ટકા ઘટીને ૨૪.૮૨ અબજ ડોલર થઈ હતી.

# વિરમગામ નગરપાલિકામાં તોડફોડ કરનારા બે પાલિકા સદસ્યને બરતરફ કરાયા

વિરમગામ,
જિલ્લાના વિરમગામ નગરપાલિકામાં વોર્ડમાંથી ટોળું લઈને આવી તારિખ ૨૫/૦૫/૨૦૧૮ ના રોજ નગરપાલિકાના નવનિર્મિત ભવનમાં તોડફોડ કરી નગરપાલિકાની મિલકતને રૂપિયા ૩.૫૦ લાખનું નુકસાન કરીને સભ્ય તરીકે ગેર વર્તન કરનાર વિરુદ્ધ પગલા લેવા ચીફ ઓફિસર વિરમગામ દ્વારા કમિશ્નર મ્યુનિસિપાલિટી એડમિનિસ્ટ્રેશન ગાંધીનગરની કોર્ટમાં કાર્યવાહી બાબતે લેખિતમાં રજૂઆત કરવામાં આવી હતી. સદસ્યોને બરતરફ કરાતા સ્થાનિક રાજકારણ ગરમાયુંનગરપાલિકાના કોંગ્રેસના બે સદસ્યોને બરતરફ કરાતા અને નજીકના સમયમાં નગરપાલિકાની ચૂંટણીઓ પણ આવી રહી હોવાથી સ્થાનિક રાજકારણ ગરમાયું હતું. રાજયના મ્યુનિસિપાલટી એડમિનિસ્ટ્રેશનના કમિશ્નર દ્વારા વિરમગામ નગરપાલિકાના જીલાણીમીયા કાસમમિયા સૈયદ અને મહેબુબ રસુલ ઉર્ફે ઈકબાલ રસુલ નામના સભ્યોએ ગેરવર્તણૂક આચરેલું હોવાથી નગરપાલિકાના સભ્ય પદેથી દૂર કરવાનો હુકમ કરવામાં આવ્યો છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૬, શાલિવાહન શક-૧૯૫૨, વીર સંવત-૨૫૫૬, ઈસ્લામીક સંવત-૨૫૫૫, તા.૧૧-૧૧-૨૦૨૦, બુધવાર, નિજ આસો વદ-૧૧, સૂર્યોદય-૬-૫૮, સૂર્યાસ્ત-૬-૦૪, જૈન નવકારશી-૭-૪૬, આજની રાશિ : કન્યા (પ.ઠ.ણ.), નક્ષત્રઃ ઉત્તરા ફાલ્ગુની

| | |
|---|---|
| સૂર્ય-કુંભ<br>ચંદ્ર-કર્ક<br>મંગળ-ધન<br>બુધ-કુંભ<br>ગુરૂ-ધન<br>શુક્ર-મેષ<br>શનિ-મકર<br>રાહુ-મિથુન<br>કેતુ-ધન<br>હર્ષલ-મેષ<br>નેપ્ચ્યુન-કુંભ<br>પ્લુટો-મકર | - શુભ ચોઘડીયા -<br>૬-૫૮થી લાભ-અમૃત-૯-૪૪ સુધી, ૧૧-૦૮થી શુભ-૧૨-૩૧ સુધી, ૧૫-૧૭થી ચલ-લાભ-૧૮-૦૪ સુધી, ૧૯-૪૦થી શુભ-અમૃત-ચલ-૨૪-૩૧ સુધી<br><br>- શુભ હોરા-<br>૬-૫૮થી ૮-૪૯ સુધી,૯-૪૪ થી ૧૦-૪૦ સુધી,૧૨-૩૧ થી ૧૫-૧૭ સુધી,૧૬-૧૩ થી ૧૭-૦૮ સુધી |

## દૈનિક રાશીફળ

તા.૧૧.૧૧.૨૦૨૦ બુધવાર

મેષ(અ.લ.ઈ.) :- સીઝનલ ધંધાથી ઓફર આવવાની દિવસ ઉત્સાહ જનક રહે. પ્રવાસમાં સાવધાની રાખવી.
વૃષભ(બ.વ.ઉ.) :- ભાગીદારોને સહકાર આપવો કાનુની પ્રશ્નોથી દૂર રહેજો ભાઇ-બહેનોથી સહકાર રહે.
મિથુન(ક.છ.ઘ.) :- પરિવારના સભ્યોની જરૂરીયાતોમાં વધારો થવાનો દિવસ દરમ્યાન કાર્યભાર પણ રહે. મિલ્કતથી લાભ.
કર્ક(ડ.હ.) :- મિત્રો કે હિતેચ્છુઓની સલાહને ધ્યાનમાં કીજો નવા કરારોમાં ઉતાવળ ન કરવી. સ્નેહ સંબંધો ગાઢ બને.
સિંહ(મ.ટ.) :- ધાર્મિક કાર્યમાં સફળતા મલવાની લગ્ન જીવનમાં મતભેદો ટાળવા -બપોર પછી નવી ઓફર આવે.
કન્યા(પ.ઠ.ણ.) :- ઉત્સાહ જાળવી રાખવાની સલાહ છે. દિવસ દરમ્યાન નાણાકીય પ્રશ્નો ઉભા થાય પ્રવાસ લાભદાયક રહે.
તુલા(ર.ત.) :- વ્યવસાયમાં પરિવર્તનની ઈચ્છા ફળવાની વિજાતીય મિત્રતા ગાઢ બને. આત્મવિશ્વાસ વધે.
વૃશ્ચિક(ન.ય.) :- વિદેશથી નાણાકીય લાભ મલે નોકરીમાં નવી ઓફર આવે જમીન મકાના કાર્યમાં સફળતા.
ધન(ભ.ધ.ફ.ઢ.) :- વિલંબિત કાર્યો આગળ વધે. ભાઈ-બહેનો સાથે મહત્વની ચર્ચા થાય માંગલીક પ્રસંગો ઉભા થાય.
મકર(ખ.જ.) :- પરિવાર પ્રશ્નોમાં ધ્યાન દેવું નોકરીમાં કોઈ પરિવર્તન ન કરવું યાત્રા પ્રવાસમાં અનુકુળતા.
કુંભ(ગ.શ.સ.) :- આવક વધારવાના પ્રયત્નો ફળવાના કાર્યક્ષત્રનો વિકાસ થાય શેર સટ્ટામાં લાંબાગાળાથી લાભ રહે.
મીન(દ.ચ.ઝ.) :- સામાજીક કાર્યોમાં અનુકુળતા રાજકીય લાભ રહે. નોકરીમાં બદલીના ચાન્સ કર્જમાં રાહત રહે.

# દાહોદ અખીલ ભારતીય સફાઈ મજદુર સંઘ દ્વારા વિવિધ માંગણીઓને પ્રાદેશિક કમિશ્નરને આવેદન આપ્યું

દાહોદ,
અખિલ ભારતીય સફાઈ મજદુર સંઘ,દાહોદ દ્વારા પોતાની વિવિધ માંગણી આજદિન સુધી ન સંતોષાતા વડોદરાના પ્રાદેશિક કમિશ્નર નગરપાલિકાને લેખિત અરજી કરી પોતાની વિવિધ માંગણીઓને દયાનમાં રાખી ત્વરિત પુરી કરવામાં આવે તેવી રજુઆત કરી છે.

અરજીમાં જણાવ્યા અનુસાર, દાહોદ નગરપાલિકા દ્વારા સફાઈ કામદારોની માંગણી ન સ્વીકારાતા તેમની છેલ્લા બે વર્ષની કાળી દિવાળી તરીકે ઉજવી રહ્યા છે. પોતાની વિવિધ માંગણીઓ તેઓ જણાવ્યું હતુ કે, નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા ૨૫ હાંગામી કર્મચારીઓને કાયમ કરવા, છેલ્લા ૨૫ થી ૩૦ વર્ષથી સળંગ ફરજ બજાવતાં ૧૦૨ સફાઈ કર્મચારીઓને ફીક્સ પગાર ચુકવવા, છેલ્લા ૧૦ વર્ષથી ફરજ બજાવતાં રહેમ રાહે ચાલતા સફાઈ કર્મચારીઓને ફીક્સ પગાર ચુકવવા, ૧૦૨ સફાઈ કર્મચારીઓને ૧ ફેબ્રુઆરીથી ૧ ઓક્ટોબર સુધીના ઈપીએફના નાણાં જમા કરવા બાબત, ૨૫૫ રિયલ કોરોના વોરિયર્સ સફાઈ કર્મચારીઓ જેવા છેલ્લા આઠ માસથી સતત કોરોના વિસ્તારમાં જઈ વફાદારી પુર્વક તેમની ફરજ બજાવેલ અને ઓફિસર સ્ટાફના તમામ વિભાગના ઈન્સ્પેક્ટરોને રૂા.૨૫ હજાર થી માંડી ૮ હજાર સુધીની ભેટ આપવા આવેલ છે, ચાલુ નોકરીએ મરણ જનાર સફાઈ કર્મચારીઓના આતોને આર્થિક રૂપીયા ૫૦,૦૦૦ ની સહાય ચુકવવા, કાયમી તથા હંગામી સફાઈ કર્મચારીઓને તેમજી ફરજ ઉપર ગેરહાજર રહેવા બદલ લેખિતમાં નોટીસ આપવા બાબત, કાયમી સફાઈ કર્મચારીઓ તેમજ ૧૦૨ કર્મચારીઓ અને રહેમ રાહે ચાલતા કર્મચારીઓને એડહોક બોનસ ચુકવવા, કાયમી તેમજ હંગામી કર્મચારીઓને તા. ૦૧.૦૭.૨૦૧૯ થી તારીખ ૩૧.૧૨.૨૦૧૯ સુધીના મોંઘવારી ભથ્થાના તફાવતની રકમ રોકડમાં ચુકવવા તેમજ સુખદેવકાકા કોલોનીમાં ક્વાટર્સની પાછળવાળી જુની ગટર નવી ગટરમાં બનાવવા બાબત આ તમામ માંગણીઓ પુરી કરવામાં આવે તો દિવાળી ઉજવી શકાય તેમ જણાવાયું છે.

# દાહોદ VHP અને બજરંગ દળ દ્વારા અર્નબ ગૌસ્વામી વિરૂદ્ધ મહારાષ્ટ્ર સરકાર દ્વારા થયેલ કાર્યવાહી કરવા રજુઆત

દાહોદ,
વિશ્વ હિન્દુ પરિષદ, બજરંગ દળ, દાહોદ દ્વારા રાષ્ટ્રવાદી પત્રકાર અર્નબ ગોસ્વામી વિરૂધ્ધ મહારાષ્ટ્ર સરકાર દ્વારા થઈ રહેલી બિનલોકતાંત્રિક કાર્યવાહી રદ કરવાની માંગણી સાથે ભારતના રાષ્ટ્રપતિને લેખિત રજુઆત કરવામાં આવી છે.

અરજીમાં જણાવ્યા અનુસાર, તાજેતરમાં મહારાષ્ટ્ર સરકારના આદેશથી મહારાષ્ટ્ર પોલીસ દ્વારા રાષ્ટ્રવાદી પત્રકાર અર્નબ ગોસ્વામીની કોઈ કુખ્યાત અપરાધીની જેમ તેમના ઘરે જઈ અમાનવીય વર્તન કરી તેમને શારીરિક ઈજાઓ પહોંચાડી ધરપકડ કરવામાં આવી છે. પ્રતિષ્ઠિત ન્યુઝ ચેનલ ટીવીના ચીફ એડીટરની ધરપકડના આ દ્રશ્યો સમગ્ર દેશે ટેલિવીઝન પર લાઈવ જોયા છે. ભારત જેવી તંદુરસ્ત લોકશાહીના ચોથા સ્તંભ એવા પત્રકારત્વનો અળાજ દબાવવાના મહારાષ્ટ્ર સરકારના આ નિર્લજ પ્રયાસને કારણે સમગ્ર દેશના લોકતાંત્રિક માળખા પર વજુઘાત જેવો અનુભવ થયો છે તેમ અરજીમાં જણાવાયું છે. વધુમાં જણાવ્યા અનુસાર, આજે સમગ્ર દેશના માનસપટલ પર કટોકટી કાળની યાદો ફરી તાજી થઈ છે. સમગ્ર દેશ સાક્ષી છે કે, અર્નબ ગોસ્વામીને ખુબજ યુવાન વયથી પત્રકારત્વ જગતમાં સંઘર્ષ કરી દેશ સમક્ષ પુરજોશથી સત્યને રજુ કરી એક રાષ્ટ્રવાદી પત્રકાર તરીકે દેશવાસીઓના હૃદયમાં સ્થાન બનાવ્યું છે. તાજેતરમાં મહારાષ્ટ્રના પાલઘરમાં સંતોની થયેલી હત્યા બાતતે તેમણે બુલંદ અવાજ ઉઠાવી મહારાષ્ટ્ર સરકારની આ ગુનો રોકવામાં અને તેમની તપાસમાં દાખવેલી ગુનાહિત બેદકારી ઉજાગર કરી હતી. દેશને સ્પર્શતા મુદ્દાઓ જેવા કે, ત્રિપલ તલા, કલમ ૩૭૦ નાબુદી, રામ મંદિર નિર્માણ જેવા મુદ્દાઓ વિષયક તેઓ વખતો વખત દેશને સાચી માહિતી અને દિશા – નિર્દેશ આપતા રહ્યા છે. આ સાથે તેઓની સામે કાર્યવાહી રદ કરવાની માંગણી સાથે વિશ્વ હિન્દુ પરિષદ, બજરંગ દળ, દાહોદ દ્વારા ભારતના રાષ્ટ્રપતિને સંબોધી એક લેખિત અરજી રવાના કરવામાં આવી હતી.

# ઝાલોદ, લીમડી, દાહોદ-દેવગઢ બારીયા શહેરમાં હાલના તબક્કે સંક્રમણનું મોટું જોખમ હોય તંત્રને સહયોગ આપે

દાહોદ,
કલેક્ટર વિજય ખરાડીએ દાહોદ જિલ્લામાં કોરોના સંક્રમણની વર્તમાન પરિસ્થિતિ અને આગામી તહેવારોને ધ્યાનમાં રાખીને નાગરિકોને વધુ સાવચેત રહેવા, સરકારી નિર્દેશોનું પાલન કરવા અને તંત્રને સહયોગ આપવા અપીલ કરી છે.



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

કલેક્ટર વિજય ખરાડીએ જણાવ્યું કે, દિવાળીના તહેવારોના સમયમાં બજારોમાં ભીડ જોવા મળી રહી છે. શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં બજારોમાં ખરીદી માટેની ભીડ લાગી રહી છે ત્યારે નાગરિકો કોરોના સંક્રમણથી બચવા માટે કેટલીક બાબતોનું અવશ્ય પાલન કરે. માસ્ક પહેરવું એ અત્યારના સમયમાં અતિઆવશ્યક બની ગયું છે અને આપણી જવાબદારી છે કે માસ્ક પહેરીને કોરોનાને ફેલતો અટકાવીએ. માસ્ક ઈસ બેસ્ટ વેક્સિન. જયાં સુધી રસી ના શોધાય ત્યાં સુધી માસ્ક એ જ કોરોનાની રસી છે, રક્ષાકવચ છે. લોકો માસ્ક અવશ્ય પહેરે તેવી અપેક્ષા છે.

માસ્કની જેમ જ અગત્યની બાબત સામાજિક અંતરનું પાલન કરવાનું છે. સામાજિક અંતરથી આપણે સંક્રમણને ફેલતું અટકાવી શકીએ છીએ. જયાં પણ જવાનું થાય દો ગજ કી દૂરીનું સૂત્ર યાદ રાખી જરૂરી સામાજિક અંતર જાળવીએ. ઉપરાંત ભીડભાડવાળી જગ્યાથી સમજીને દૂર રહીએ તે આપણા અને આપણા પરિવારજનોની સુરક્ષા માટે ખૂબ જરૂરી છે.

જે લોકો બિઝનેસ કરી રહ્યાં છે અને બજારમાં તેમની બેઠક વધારે હોય છે કે વધારે આવ–જા થતી હોય તેવા લોકોએ પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું છે તે બાબત વિશેષ ધ્યાનમાં રાખીને દર પંદર દિવસે કોરોનાનો ટેસ્ટ કરાવતા રહે. વેપારી વર્ગના લોકોએ આવો ટેસ્ટ કરાવવો ખૂબ જરૂરી છે જેથી તેઓ સુપર સ્પેડ્રર ન બને અને મોટી સંખ્યામાં લોકોને સંક્રમિત ન બને. આ માટે વહીવટી તંત્ર અને આરોગ્ય વિભાગને સહકાર આપવો પણ એટલું જ જરૂરી છે. તેમણે ઉમેર્યું કે, દિવાળીના આ તહેવારોમાં ઘરના વડીલોનું વિશેષ કાળજી રાખવાની છે. ખાસ કરીને જેમને અન્ય કોઈ મોટી બિમારી છે તેમણે ખાસ ધ્યાન રાખીને કોરોનાની તમામ સાવચેતીઓનું પાલન કરવાનું છે. તહેવારોના સમયમાં સંક્રમણનું જોખમ બમણું થયું છે ત્યારે વડીલો બજારમાં કે ભીડભાડવાળી જગ્યાએ ન જાય.

કોરોના મહામારીને હરાવવા માટે વ્યક્તિગત ડીસીપ્લીન રાખવાની તાતી જરૂર છે. વ્યક્તિગત સ્તરે જયાં સુધી માસ્ક, સામાજિક અંતર જાળવવું જેવી મહત્વની બાબતોને આદત તરીકે અપનાવી લેવી જોઈએ અને બીજા લોકો માટે ઉદાહરણરૂપ બનવું જોઈએ. તેમણે જણાવ્યું કે, જે લોકો કોરોના બાબતેના સરકારી નિયમોનું પાલન કરતા નથી. માસ્ક પહેરવું–સામાજિક અંતર જાળવવું જેવા પાયાના સલામતી–સાવચેતીના નિયમોનો ભંગ કરે છે તેમની સામું તંત્ર દ્વારા સખત કાનુની પગલા લેવામાં આવશે અને દંડાત્મક કાર્યવાહી કરવામાં આવશે એ વાત બેદરકાર રહેતા લોકો ખાસ લક્ષમાં લે. ઝાયડસ મેડીકલ કોલેજનો પીએસએમ વિભાગ કોરોના બાબતે જરૂરી આગાહીઓની તંત્રને જાણ કરે છે. તેમની સૂચના મુજબ ઝાલોદ, લીમડી, દાહોદ શહેર તથા દેવગઢ બારીયા શહેરમાં હાલના તબક્કે સંક્રમણનું મોટું જોખમ તોળાય રહ્યું છે. માટે આ વિસ્તારમાં રહેતા નાગરિકો અલર્ટ થઇ જાય અને કોરોનાની તમામ સાવચેતીઓનું પાલન કરે. ઝાલોદ અને લીમડીના નાગરિકો આ બાબતે તંત્રને પૂરેપૂરો સહકાર આપે.

દાહોદમાં કોરોનાની સ્થિતિનું વિશ્લેષણ કરવામાં આવે તો ગત્ત તારીખ ૭ની સ્થિતિએ પ્રતિ દસ લાખ વ્યકિતએ ૬૪૪૬૪ના કોરોના ટેસ્ટ કરવામાં આવ્યા છે. પ્રતિ દસ લાખે ૭૫૮ લોકોને કોરોના વાયરસ લાગ્યો હતો. ટેસ્ટની સાપેક્ષે પોઝિટિવીટીનું પ્રમાણ ૧.૧૮ ટકા છે. ગુજરાતમાં સૌથી ઓછો પોઝિટિવીટી ધરાવતા ત્રણ જિલ્લામાં દાહોદનો સમાવેશ થાય છે. કોરોનાના કેસો ડબલ થવાના દિવસો ૮૧ થયા છે. જયારે, રિક્વરી રેટ ૯૩ ટકા જેટલો છે. કમ્પાઉન્ડ ડેઈલી ગ્રોથ રેટ ઘટીને ૦.૩૮ ટકા થયો છે. બીજી એક વાત એ પણ નોંધવી જોઈએ દાહોદમાં અન્ય બિમારી ધરાવતા હોય એવા એટલે કે કોમોબિડ વ્યકિતના મૃત્યુના કિસ્સામાં તેમની ઉંમર ૪૬થી ૯૦ વર્ષ વચ્ચેની હોય છે. એટલે, દાહોદ જિલ્લાના લોકોએ પોતાના વડીલોની ખાસ તકેદારી રાખવાની જરૂરત છે.

- ખરીદી પછી પણ કરી શકાય છે, બજારમાં-ભીડવાળી જગ્યાએ જવાનું ટાળો.
- વેપારીઓ નિયમિત રીતે દર પંદર દિવસે કોરોના ટેસ્ટ કરાવે.
- દિવાળીના તહેવારોમાં ઘરના વડીલોની વિશેષ કાળજી લો.
- કોરોના સંદર્ભે સરકારી નિયમોનું પાલન ન કરનારા પર સખત દંડનીય કાર્યવાહી કરાશે.
- કોરોનાની સાવચેતી બાબતે વ્યક્તિગત ડીસીપ્લીન જાળવી ઉદાહરણરૂપ બનો.

# દાહોદના પડવાલ હોસ્પિટલમાં એક સાથે જન્મેલ ચાર બાળકો સ્વસ્થ થતાં ગાંધી ચિલ્ડ્રન હોસ્પિટલ માંથી રજા અપાઈ

દાહોદ,
દાહોદના પડવાલ હોસ્પિટલમાં જન્મેલા ચાર દાહોદ ના ગાંધી ચિલ્ડ્રન હોસ્પીટલ માંથી ચારે બાળકો સ્વસ્થ થતા બાળકોને આજે રજા આપવામાં આવી.

દાહોદના પડવાલ હોસ્પિટલમાં એક સાથે ચાર બાળકો જન્મેલા ચારબાળકો સ્વસ્થ થતા આજ રોજ તબીબ દ્વારા રજા આપવામાં આવી. દાહોદ ખાતે બે મહિના પૂર્વ અધૂરા માસે એક સાથે જન્મેલા ચાર બાળકોને દાહોદના પડવાલ હોસ્પિટલના તબીબ દ્વારા ભારી જહેમત બાદ જીવન દાન આપ્યું. બોરખેડા ગામ ની રેખાબેન સુભાષચન્દ્ર પસાયા નામની મહિલાએ એક સાથે ચાર બાળકોને જન્મ આપવાની પ્રથમ ઘટના દાહોદ જિલ્લામાં બનેલી છે. એક સાથે ચાર બાળકો જન્મવાની પ્રસ્તુતી સાત લાખ દિલેવરીએ એક થાય છે.એક સાથે ચાર બાળકો જન્મ્યા હોય તેવી ઘટના દાહોદ જિલ્લામાં પ્રથમ થઈ એ તબીબ અને આરોગ્ય અધિકારી દ્વારા જણાવવામાં આવી છે.આ ચારે જન્મેલા બાળકો મેલ છે જેમાં ચારે બાળકોનું બ્લડ ગ્રુપ પણ એક સરખું છે. અત્યાર સુધીમાં વિશ્વમાં આ પ્રકારની ઘણી ઓછી પ્રસ્તુતિ નિધાઈ છે. આ ચારે બાળકોનો જન્મ થયો એ સમયે બાળકોનું વજન ૬.૫૦ થી.૮.૫૦ ગ્રામ સુધીનું વજન હતું જેમાં દાહોદના ડો.હાર્દિક ગાંધી તથા ડો.નીતિનભાઈ ગાંધી ની સઘન સારવાર બાદ બાળકોનું દોઢ કિલો વજન વધી ને બાળકો તમામ રીતે સ્વચ્છ તથા આજ રોજ દાહોદના ગાંધી ચિલ્ડ્ન હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી.જેંમાં બે મહિનાની બાળકોની સારવારનું ખર્ચ સરકાર બાળ સખા યોજના અંતર્ગત તદ્દન વિનામૂલ્યે કરવામાં આવ્યું.

ખાસ વાત એ છેકે પરિવાર અત્યન્ત મધ્યમ વર્ગ થી હોય અને ચારે બાળકોની નાજુક પરિસ્થિતિને દ્યાને રાખી ગાંધી ચિલ્ડ્રન હોસ્પીટલ ના તબીબ.ડો.હાર્દિક ગાંધીને ડો.નીતિનભાઈ ગાંધી એ એમની પરિસ્થિતિ ને દયાને રાખી બે મહિના સુધી સારવાર વિના મૂલ્યે આપવામાં આવી.

# વેકેશનમાં બહાર જતા હો તો દાહોદ પોલીસને જાણ કરવું

દાહોદ,
આગામી દિવાળીના પર્વની ઉજવણી સલામત અને સુરક્ષિત રીતે કરવાની અપીલ કરતા દાહોદ જિલ્લા પોલીસ અધિક્ષક હિતેશ જોયસરે નાગરિકોને માટે કેટલીક મહત્વપૂર્ણ સૂચનાઓ આપી છે. કોરોનાની સ્થિતિને ધ્યાને રાખી ખરીદીના સમયે ભીડ ના કરવા જણાવ્યું છે. ડીએસપી જોયસરે કહ્યું કે, દાહોદમાં સ્ટેશન રોડ સહિતની કેટલીક બજારોમાં દિવાળી સમયમાં ગ્રાહકોની ભીડ રહે છે. હવે વર્ષે સ્થિતિ જુદી છે. ભીડના કારણે કોરોના વાયરસનું સંક્રમણ ભીડના કારણે પ્રસરવાની શક્યતા વધુ રહે છે. ખરીદીના સમયે સામાજિક અંતરના નિયમોનું પાલન કરવું સૌના માટે હિતાવહ છે. વળી, બહાર નીકળતી વખતે માસ્ક પહેરવાનું ભૂલાય નહી. ઘરે આવ્યા બાદ હાથને સેનિટાઈઝ કરવા જોઈએ.

દાહોદ જિલ્લા પોલીસ દ્વારા દિવાળીના પર્વને અનુલક્ષીને સુરક્ષાના કદમ લેવામાં આવી રહ્યા છે. મુખ્ય બજારોમાં ફૂટ પેટ્રોલિંગ કરવામાં આવનાર છે. બહાર વેકેશન કરવા પર જવાના સંજોગોમાં નાગરિકો પોતાના ઘરની વિગતો નજીકના પોલીસ સ્ટેશનને જાણ કરે, તેની માલમિલ્કતની સલામતીને લગતી વ્યવસ્થા ગોઠવી શકાય.

દાહોદમાં દિવાળીના પર્વમાં જાહેર સ્થળો ઉપર ફટાકડા ફોડવા ઉપર પ્રતિબંધ લગાવવામાં આવ્યો છે. એથી નાગરિકો નિયત કરવામાં આવેલા સમયગાળા દરમિયાન જ ફટાકડા ફોડીને દિવાળીની ઉજવણી કરે એવો અનુરોધ છે. ફટાકડા ફોડતી વેળાએ નાના બાળકોની ખાસ તકેદારી લેવી જોઈએ. જેથી અકસ્માતના બનાવો નિવારી શકાય.

એસપીએ કહ્યું કે, દાહોદના વેપારીઓ પણ તકેદારી રાખે એ જરૂરી છે. વેપારીઓ પોતાની દુકાને ગ્રાહકોની ભીડ ના થાય એ બાબતનો ખાસ ખ્યાલ રાખે. સેનિટાઈઝેશની વ્યવસ્થા રાખે. તેમણે આગામી દિવસોમાં માસ્ક ન પહેરવા બદલ કાર્યવાહી વધારવાની પણ જાણકારી આપી છે.

# દાહોદ જીલ્લામાં આજે નવા ૧૦ કોરોના પોઝીટીવ કેસ નોંધાયા




દાહોદ,
દાહોદમાં આજે ફરી ૧૦ કોરોના સંક્રમિત દર્દીઓ નોંધાતા શીયાળાની ઋતુમાં જાણે ફરી કોરોનાએ માથું ઉચક્યું હોય તેમ પ્રતિત થઈ રહ્યું છે. દાહોદ જિલ્લામાં અત્યાર સુધી કોરોનાના કુલ આંકડો ૧૮૭૯ને પાર વટી ચુક્યો છે.

આજે આવેલા ૧૦ કોરોના પોઝીટીવ કેસોમાંથી આર.ટી.પી.સી.આર. ટેસ્ટના ૨૫૦ પૈકી એક અને રેપીટ ટેસ્ટના ૮૩૬ પૈકી નવ કેસો સામે આવ્યા છે. જેમાં દાહોદમાંથી પાંચ, ઝાલોદમાંથી ત્રણ અને ગરબાડામાંથી બે કેસોનો સમાવેશ થયો છે. આજે ૧ દર્દીએ કોરોના સંક્રમણથી સાજો થયો હતો અને એક્ટીવ કેસની સંખ્યા ૭૩ ઉપર પહોંચી ગઈ છે.

# તહેવારોની ઉજવણી ઘરે રહીને સહ પરિવાર કરવા લીમખેડા પ્રાન્ત અધિકારીની સલાહ

લીમખેડા,
લીમખેડાના પ્રાન્ત અધિકારી દિનેશ હડિયલે આગામી તહેવારોની શુભેચ્છાઓ સાથે જણાવ્યું છે કે, તહેવારોની ઉજવણી ઘરે રહીને કરવી યોગ્ય રહેશે, રૂબરૂ મળવાના સ્થાને સોશ્યિલ મિડિયાનો ઉપયોગ કરીને લોકોને શુભેચ્છા પાઠવીએ તો કોરોનાથી બચી શકાશે.

તેમણે જણાવ્યું કે, લીમખેડા સબડિવિઝનમાં સમાવિષ્ટ લીમખેડા, ધાનપુર અને સીંગવડના નાગરિકોને દિવાળીની ખૂબ ખૂબ શુભેચ્છાઓ. કોરોનાને ધ્યાને રાખતાં તહેવારોની સાથે કેટલીક તકેદારી પણ અનિવાર્ય છે. કોરોના સંક્રમણથી બચવા આપણે આ તકેદારીઓનું ચુસ્ત પાલન કરવાનું છે. દિવાળીના તહેવારોમાં હળવામળવાનું પ્રમાણ વધારે રહે છે. તેને સ્થાને આપણે સોશ્યિલ મિડિયાનો ઉપયોગ કરીને તહેવારની શુભેચ્છાઓ પાઠવીએ. જો મળવાનું થાય કે બહાર જવાનું અનિવાર્ય જ હોય તો સામાજિક અંતર, માસ્ક વગેરે નિયમોનું કડકાઈથી પાલન કરીએ. આ તહેવાર ઘરે રહીને જ ઉજવીએ તો આપણે કોરોનાથી દૂર રહી શકીશું.

# દાહોદ શહેરના શ્રીનગર સોસાયટીમાં ત્રાટકેલ લુંટારૂએ બાળકોને બંધક બનાવી ૬.૨૨ લાખની લુંટ ચલાવી ફરાર

દાહોદ,
દાહોદ શહેરમાં આવેલ નગર સોસાયટીમાં ગતરોજ રાત્રીના આઠેક વાગ્યાના સમયગાળા દરમ્યાન અજાણ્યા ચાર લુંટારૂઓએ ઘરમાં એકલા બે બાળકોને બંધક બનાવી રૂા.૬,૨૨,૦૦૦ ની મત્તાની સનસાનીટ ભરી લુંટ ચલાવી લુંટારૂઓ ફરાર થઈ જવાની ઘટના બાદ સમગ્ર વિસ્તારમાં ફફડાટ સાથે ભય ફેલાયો છે. આ સમગ્ર મામલે પોલીસમાં ફરિયાદ નોંધાતા પોલીસે ડોગ સ્કોવોર્ડની મદદ તેમજ આસપાસના સીસીટીવ ફુટેજોની પણ તપાસ આરંભ કરી લુંટારૂઓને ઝડપી પાડવા ચક્રોગતિમાન કર્યા છે.

દાહોદના બોરડી રેલ્વે સ્ટેશન ખાતે સ્ટેશન માસ્ટર તરીકે ફરજ બજાવતાં અને મુળ બિહારમાં રહેતા રાકેશકુમાર રામેશ્વર ઠાકુર રાજપુતે દાહોદ શહેરમાં નગર સોસાયટીમાં ભાડાના મકાનમાં રહે છે. ગતરોજ એટલે કે, તારીખ ૦૯મી નવેમ્બરના રોજ પોતાના બે બાળકો જેમાં એક ૧૨ વર્ષીય બાળકી અને એક ૦૮ વર્ષીય બાળકોનો આ દિવસે એકસાથે જન્મ દિવસ હોય બજારમાં રાકેશકુમાર પોતાની પત્નિને સાથે લઈ કેક લેવા ગયા હતા. આ દરમ્યાન ઘરમાં હાજર બંન્ને બાળકોને અજાણ્યા ચાર લુંટારૂઓ બાળકોને ડરાવી, ધમકાવી, મારી નાંખવાની ધમકી આપી મકાનનો દરવાજો ખોલાવ્યો હતો અને મકાનમાં મુકી રાખેલ તિજોરી તોડી અંદરથી સોના – ચાંદીના દાગીના કિંમત રૂા.૫,૭૨,૦૦૦ અને રોકડા ૫૦ હજાર રૂપીયા એમ કુલ રૂા.૬,૨૨,૦૦૦ ની સનસનાટી ભરી લુંટ ચલાવી લુંટારૂઓ નાસી ગયા હોવાની ફરિયાદ રાકેશકુમાર દ્વારા દાહોદ શહેર પોલીસ મથકે નોંધાવતા પોલીસે આ સમગ્ર મામલે તલસ્પર્શી તપાસનો ધમધમાટ આરંભ કર્યો છે.

# ધાનપુરના ભીંડોલ ગામે પિતા-પુત્ર પર રીંછે હુમલો કરતા ગંભીર ઈજાઓ સારવાર અર્થે ખસેડાયા

દાહોદ,
ધાનપુર તાલુકાના ભીંડોલ ગામે પિતા–પુત્ર પર રીંછે હુમલો કરતાં ઈજાગ્રસ્ત પિતા–પુત્રને નજીકના દવાખાને સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હોવાનું જાણવા મળી રહ્યું છે. રીંછના હુમલાને પગલે ગ્રામજનોમાં ફફડાટ ફેલાયો છે.

ભીંડોલ ગામે રહેતા ૩૫ વર્ષીય વિરેન્દ્રભાઈ પુરવાર અને તેમનો ૧૭ વર્ષીય છોકરો કિરણ વિરેન્દ્રભાઈ પુરવાર એમ બંન્ને જણા પોતાના ઘરે હાજર હતા. આ દરમ્યાન ઘરની બહાર બંન્ને બાપ–દિકરાઓ કોઈ કામ અર્થે નીકળ્યા હતા અને તે જ સમયે જંગલ તરફથી ખોરાકની શોધમાં આવી પડેલ રીંછે ઉપરોક્ત બાપ–દિકરા ઉપર હિંસક હુમલો કર્યો હતો. હુમલાને પગલે પોતાનો જીવ બચાવવા બાપ–દિકરાએ રીંછને પ્રતિકાર કરી પોતાનો જીવ બચાવ્યો હતો. બુમાબુમ થતાંની સાથે જ આસપાસના ગામના લોકો દોડી આવ્યા હતા અને ટોળાને જોઈ રીંછ પણ જંગલ તરફ દોડી ગયો હતો. ગંભીર ઈજાગ્રસ્ત બાપ–દિકરાને નજીકના દવાખાને સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. ઘટનાની જાણ નજીકના જંગલખાના અધિકારીઓ સહિત પોલીસને થતાં તેઓ પણ સ્થળ પર આવી પહોંચ્યા હતા. રીંછના આગમનના પગલે ગ્રામજનોમાં ફફડાટ ફેલાઈ જવા પામ્યો છે.

# ભરૂચના કબ્રસ્તાનમાં મહિલાઓના વાળ ખેંચી કાઢતા સગીર સહિત ત્રણ પકડાયા



ભરૂચ,
રૂપિયા ૬થી ૭ હજારમાં એક કિલો વેચાતા વાળની ચોરીનો વિચિત્ર કિસ્સો ભરૂચના ઈખર ગામે બન્યો છે. ગામના કબ્રસ્તાનમાં મહિલાઓની કબરમાં ખાડો પાડી માથાના વાળ કાપી લઈ તેની ચોરી કરતી ત્રિપુટીને ગ્રામજનોએ ઝડપી પાડી હતી. સ્થાનિકોએ ૨ સગીર સહિત ત્રણને મેથીપાક આપી પોલીસના હવાલે કરતાં પોલીસે અરજીના આધારે આગળની કાર્યવાહી હાથ ધરી છે. ઈખર ગામના કબ્રસ્તાનમાં થોડા દિવસથી કબરોને નુકસાન કરવામાં આવી રહ્યું હતું.

સ્થાનિકોના ધ્યાને આવ્યું હતું. દરમિયાનમાં બે-એક દિવસ પહેલાં ઈખરના કબ્રસ્તાનમાંથી ભાગતાં ત્રણ શખ્સોને કેટલાંક શખ્સોએ જોઈ જતાં તેમણે તેઓની ભાળ કાઢતાં પાલેજ નજીકથી તે પૈકીના બે સગીરને ઝડપી પાડ્યાં હતાં. તેમની પ્રાથમિક પુછપરછમાં ચોંકાવનારી વિગતો બહાર આવી હતી. ઈકબાલ નામનો શખ્સ તેમજ ઝડપાયેલા બે સગીર કબરમાંથી વાળ ખેંચીને ચોરી કરતાં હોવાની કેફિયત કરી હતી. જે પૈકીના બે સગીર વાળનો વ્યવસાય કરતાં હોઈ ઈકબાલની મદદથી કબ્રસ્તાનમાં આવેલી મહિલાઓની કબર શોધતાં હતાં.

આ શખ્સો કબરના માથાના ભાગે નાનું કાણું પાડી દોરી અને તારથી ખાડામાંથી મહિલાઓના વાળ ખેંચી લઈ તેને કાપી લઈ ચોરી કરી જતાં હોવાની કબુલાત તેમણે કરી હતી. કબ્રસ્તાનમાં મહિલાઓની કબરને ટોળકી નિશાન બનાવતી હતી. ટોળકી ધ્યાન રાખતી હતી કે, કબર જૂની હોય જેથી કે મૃતકના માથાના વાળ ચામડીમાંથી છુટાં પડી ગયાં હોઈ તેને સરળતાથી બહાર કાઢી શકાય. જ્યારે નવી કબરમાં તેટલી સરળતાથી વાળ નિકળી શકતાં ન હોઈ તે માટે તેઓ મહેનત કરતાં ન હતાં.

Published by Ajay Kantilal Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Ajay Kantilal Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 70

# પંચમહાલ આવૃત્તિ

ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર


## કાલોલ તાલુકા પંચાયતના વિસ્તરણ અધિકારીને

# આવાસ મુદ્દે પુછપરછ કરતાં પત્રકાર સાથે અભદ્ર વર્તન કરાયું : પત્રકાર દ્વારા વિસ્તરણ અધિકારી વિરૂદ્ધ પોલીસ મથકે લેખિતમાં રજુઆત

કાલોલ,

કાલોલ તાલુકા પંચાયત કચેરીના વિસ્તરણ અધિકારીને પરૂણા ગામના અરજદાર માતાના આવાસ યોજનાના લાભાર્થી માટે વારંવાર ધકકા ખાતા હોય તેમ છતાં વિસ્તરણ અધિકારી ધ્યાન ન આપતાં જાગૃત નાગરિક દ્વારા પણ ભલામણ કરવા છતાં અરજદારને યોગ્ય પ્રતિઉત્તર નહિ મળતા પત્રકારને સાથે લઈને વિસ્તરણ અધિકારીને મળવા પહોંચ્યા હતા. ત્યારે વિસ્તરણ અધિકારી એ પોતાના હોદ્દાનો રૂઆબ બતાવીને પત્રકાર સાથે અભદ્ર વર્તન કરવામાં આવતાં પત્રકાર દ્વારા સરકારી કર્મચારીના ઉદ્ધતાઈ વર્તનને લઈ પોલીસ મથકમાં રજુઆત કરી કાર્યવાહીની માંગ કરવામાં આવી.

### કાલોલ તાલુકા પંચાયત કચેરીમાં વિસ્તરણ અધિકારી વિરૂદ્ધ વીજ ચોરી અંગેની અગાઉ ફરિયાદ નોંધાઈ ચૂકી છે

કાલોલ તાલુકા પંચાયત કચેરીમાં વિસ્તરણ અધિકારી દ્વારા પત્રકાર સાથે અભદ્ર વર્તન કરવામાં આવ્યું છે. તાવ સરકારી કર્મચારી વિરૂદ્ધ વીજ ચોરીની બે-ત્રણ ફરિયાદો નોંધાઈ ચુકી છે અને આ વીજ ચોરીના કિસ્સામાં પણ કોઈ રાજકીય ઓથ હેઠળ લાગે છે.આ અધિકારી વિરૂદ્ધ કાર્યવાહી થઈ રહી નથી.

કાલોલ તાલુકાના પરૂણા ગામના અરજદાર હસમુખભાઈ પોતાના માતાના આવાસ યોજનાના લાભાર્થી માટે કાલોલ તાલુકા પંચાયત કચેરીના વિસ્તરણ અધિકારી મનસુખભાઈ દલાભાઈ પણદાને વારંવાર મળતા હોય તેમ છતાં વિસ્તરણ અધિકારી દ્વારા યોગ્ય જવાબ ન આપતા હોવાથી અરજદાર એ જાગૃત નાગરિક અશોકભાઈ મેકવાણને સાથે રાખીને વિસ્તરણ અધિકારીને પોતાની માતાના આવાસના લાભાર્થી માટે મળ્યા હતા. તેમ છતાં વિસ્તરણ અધિકારી કોઈ પણ પ્રતિભાવ અરજદારને આપતા ન હોય આખરે વિસ્તરણ અધિકારી મનસુખભાઈ પણદાના વ્યવહાર થી કંટાળીને પત્રકારનો સંપર્ક કર્યો હતો. જેને લઈ પત્રકાર કાલોલ તાલુકા પંચાયત કચેરીમાં વિસ્તરણ અધિકારીને મળીને સમાચાર મુદ્દે ચર્ચા કરતા હતા. ત્યારે વિસ્તરણ અધિકારી પોતાના હોદ્દાની ગરીમા ભુલીને ઉશ્કેરાઈ ગયા હતા. અને પત્રકાર સાથે ઝપાઝપી અને અભદ્ર વર્તન કરીને ધાક-ધમકીની ભાષા ઉપર ઉતરી આવ્યા હતા. અને પત્રકારને તારે જે છાપવું હોય તે છાપ કહીને અછાજતું વર્તન કર્યું હતું. કાલોલ તાલુકા પંચાયત કચેરીના સરકારી કર્મચારી એવા વિસ્તરણ અધિકારીની તોછડા વર્તનને લઈ પત્રકાર દ્વારા કાલોલ પોલીસ મથકે લેખિતમાં રજુઆત કરવામાં આવી છે અને સરકારી કર્મચારીના આવા વર્તનને લઈ કાર્યવાહી કરવામાં રજુઆત કરાઈ છે.

## એજ્યુકેશન ઈન્સ્પેક્ટર વિરુદ્ધ વડોદરા DEOને પત્ર લખીને દૂર કરવા કરાઈ માંગ




વડોદરા,

વડોદરા જિલ્લા શિક્ષણાધિકારી કચેરીમાં વ્યાપેલા ભ્રષ્ટાચારો હવે બહાર આવી રહ્યા છે. વડોદરા જિલ્લા આચાર્ય શૈક્ષિક મહાસંઘ દ્વારા વડોદરા જિલ્લા શિક્ષણાધિકારી કચેરીમાં શાળા વિકાસ સંકુલ-૧માં એજ્યુકેશન ઈન્સ્પેક્ટર તરીકે ફરજ બજાવતા મહિલા અધિકારી સામે ભ્રષ્ટાચારના આક્ષેપો કરતો પત્ર જિલ્લા શિક્ષણાધિકારીને લખતા ખળભળાટ મચી ગયો છે. વડોદરા જિલ્લા આચાર્ય શૈક્ષિક સંઘ દ્વારા મૂકવામાં આવેલા આક્ષેપો અંગે શાળા વિકાસ સંકુલ-૧ના એજ્યુકેશન ઈન્સ્પેક્ટર પ્રિતીબહેન સંઘવીએ જણાવ્યું હતું કે, મારા ઉપર મૂકવામાં આવેલા આક્ષેપો પાયાવિહોણા છે. ઈન્સ્પેકશન દરમિયાન અમારે આચાર્યોને ઠપકો આપવો પડે છે.

જે આચાર્યોને ગમતું ન હોવાથી મારા ઉપર ખોટા આક્ષેપો કર્યા છે. વડોદરા જિલ્લા આચાર્ય શૈક્ષિક મહાસંઘના દ્વારા જિલ્લા શિક્ષણાધિકારીને પત્ર લખીને જિલ્લા શિક્ષણાધિકારીની કચેરીમાં એજ્યુકેશન ઈન્સ્પેક્ટર તરીકે ફરજ બજાવતા પ્રિતીબહેન સંઘવી સામે ભ્રષ્ટાચારના ગંભીર આક્ષેપો કર્યા છે. આક્ષેપમાં જણાવ્યું છે કે, એજ્યુકેશન ઈન્સ્પેક્ટર પ્રિતીબહેન સંઘવીના હસ્તકમાં એસ.વી.એસ-૧ વડોદરા ગ્રામ્ય, સાવલી, ડેસર તાલુકાઓની શાળાઓનો સમાવેશ થાય છે. તેઓ ઉચ્ચત્તર પગાર ધોરણની ફાઈલમાં સહી કરવા માટે આચાર્ય પાસે પૈસાની માંગણી કરે છે. આ ઉપરાંત તેઓ શાળા ઈન્સ્પેક્શનમાં પણ નાણાંની ઉઘરાણી કરે છે. શાળાના જી.આર. રજિસ્ટરમાં લાલ પેનથી શેરો મારે છે. અને જી.આર. રજિસ્ટરમાં સહી કરતા નથી.

જી.આર. રજિસ્ટર લઈને ઓફિસમાં બોલાવવામાં આવે છે. શાળાના આચાર્યો સાથે અભદ્ર વર્તન કરે છે. નાની નાની બાબતોમાં આચાર્યોનું અપમાન કરે છે. અગાઉ તેઓ એસ.એસ.વી.માં હતા, ત્યારે પણ તેઓ સામે ફરિયાદો ઉઠી હતી. વડોદરા જિલ્લા આચાર્ય શૈક્ષિક સંઘના અધ્યક્ષ રાજેશ અમીને મહાસંઘ વતી જિલ્લા શિક્ષણાધિકારીને લખવામાં આવેલા પત્રમાં જણાવવામાં આવ્યું છે કે, એજ્યુકેશન ઈન્સ્પેક્ટર પ્રિતીબહેન સંઘવીને તત્કાલિક એસ.વી.એસ.-૧માંથી દૂર કરવામાં આવે અને તેઓના સ્થાને અન્ય એજ્યુકેશન ઈન્સ્પેક્ટરની નિમણૂંક કરવામાં આવે અને તેઓને એસ.વી.એસ.માં પણ મૂકવામાં ન આવે તેવી માંગણી કરવામાં આવે.

## પંચમહાલ જીલ્લામાં આજે ૧૨ કોરોના પોઝીટીવ કેસ નોંધાતા કુલ આંક ૨૮૫૬ થયો




ગોધરા,

પંચમહાલ જીલ્લામાં કોરોના કહેર યથાવત રહેવા પામ્યો છે. જીલ્લામાં આજરોજ વધુ ૧૨ પોઝીટીવ ક્રેસ નોંધાવા પામ્યા છે. નવા ૧૨ પોઝીટીવ કેસ સાથે અત્યાર સુધીનો કુલ આંક ૨૮૫૬ થવા પામ્યો છે. તેમાં ગોધરા-૦૩, હાલોલ-૦૩, કાલોલ-૦૪, શહેરા-૦૨ કેસ નોંધાવા પામ્યો છે. જીલ્લામાં કોરોના પોઝીટીવ કેસ નોંધાઈ રહ્યા છે. તેવા વિસ્તારોમાં આરોગ્ય વિભાગ દ્વારા સેમ્પલ લેવાની તેમજ સર્વેની કામગીરીમાં ગતિ લાવવામાં આવી છે. પંચમહાલ

**- ૦૪ દર્દી સાજા થતાં રજા અપાઈ.**
**- એકટીવ કેસ ૮૦.**
**- મૃત્યુ આંક - ૧૨૧.**

પંચમહાલ જીલ્લામાં કોરોના એ ભરડો લીધો હોય તેવી સ્થિતી નિર્માણ થઈ છે. જીલ્લામાં વધતો જતાં કોરોના પોઝીટીવ આંક ચિંતાનો વિષય બન્યો છે. પંચમહાલ જીલ્લામાં વધુ ૧૨ પોઝીટીવ કેસ નોંધાવા પામ્યો છે. જીલ્લામાં વધતા કોરોના પોઝીટીવ કેસને લઈ જીલ્લા વહીવટી તંત્ર અને આરોગ્ય તંત્ર સર્તક બન્યું છે. પોઝીટીવ કેસ નોંધાયા તેવા વિસ્તારોમાં હોમ કોરોન્ટાઈન તેમજ માઈક્રો કન્ટેનમેન્ટ કરવામાં આવ્યા છે.

## ગોધરાના ટુવા ગામે એક વ્યકિતનું જાતિ અપમાનિત કરી મારમારતા ફરિયાદ

ગોધરા,

ગોધરા તાલુકાના ટુવા ગામે એક વ્યકિત પર ચાર ઈસમોએ જાતી અપમાનિત કરી હુમલો કરી માર મારતા એટ્રોસિટી મુજબ ફરિયાદ નોંધાવા પામી છે.

ગોધરા તાલુકાના ટુવા ગામે આવેલા પીપળીયાવાળા ફળિયામાં રહેતા વિજયકુમાર પરમાર ગતરોજ રાતના સમયે મહેન્દ્ર પરમાર સાથે હાલોલ જવા નીકળ્યા હતા. ત્યારે ટુવા નજીક આવેલ હોટેલ હરપ્રીત પાસે વિપુલ સોલંકીએ અંગત અદાવત રાખી વિજયકુમાર તેમજ મહેન્દ્રને જણાવ્યું હતું કે, મારા ભાઈ દીપક સાથે કેમ બોલાચાલી કરી હતી, અને ત્યારબાદ ગડદાપાટુંનો માર મારવો લાગ્યો હતો, તેમજ અર્જુન સોલંકી, દીપક ઝાલા અને દિલીપ ઝાલાએ પણ વિજય પરમાર અને મહેન્દ્ર પરમારને ગડદાપાટુંનો માર માર્યો હતો, જ્યારે દીપક ઝાલાએ પોતાના હાથમાંની બાઈકની ચેન વિજય તેમજ મહેન્દ્રને માથાના ભાગે મારી સાધારણ ઈજાઓ પહોંચાડી હતી. ત્યારબાદ આ તમામ ચાર ઈસમોએ વિજયના ઘરે જઈને જાતી અપમાનિત કરી અપશબ્દો બોલી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી હતી. જેને લઈને વિજય પરમાર દ્વારા કાંકણપુર પોલીસમથકે એટ્રોસિટી મુજબ ફરિયાદ નોંધાવવામાં આવી હતી.

### પંચમહાલ,મહિસાગર અને નસવાડી જીલ્લાના ૧૩૧

## રોજમદાર મજુર તથા કર્મચારીઓને ગ્રેજયુઈટી તફાવત, પેન્શન તફાવત તથા ૩૦૦ રજાના નાણાં ચુકવવાનો હાઈકોર્ટ દ્વારા હુકમ

ગોધરા,

નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા પંચમહાલ જીલ્લો, મહીસાગર જીલ્લો તથા નસવાડી જીલ્લાના ૧૩૧ રોજમદાર મજુર તથા કર્મચારીઓને ગ્રેજયુઈટી તફાવત, પેન્શન તફાવત તથા ૩૦૦ રજાઓના નાણા ચુકવી આપવા તા . ૨૮-૧૦- ૨૦ ના રોજ હુકમ થતાં કર્મચારી આલમમાં આનંદની લાગણી.

માર્ગ અને મકાન પંચાયત અને સ્ટેટ વિભાગમાં જુદા જુદા જીલ્લાઓમાં જેવા કે પંચમહાલ, મહીસાગર અને નસવાડીમાં ફરજ બજાવતા રોજમદાર મજુર તથા કર્મચારીઓને સરકારશ્રીના તા . ૧૭-૧૦-૮૮ ના પરીપત્ર મુજબના લાભો કે જેવા રોજમદાર તરીકેની નોકરીની દાખલ તારીખથી નિવૃતિની તારીખ સુધીનું સળંગ ગણતરી કરી ગ્રેજયુઈટી, પેન્શન તથા ૩૦૦ રજાઓનો લાભ આપવાનો હોય

### ૧૩૧ જેટલા કર્મચારીઓને હુકમ મળેથી આઠ વીકમાં નિયત કરેલ લાભો ચુકવી આપવા આદેશ ફરમાવતા રોજમદાર, મજુર તથા કર્મચારીમાં આનંદની લાગણી પ્રર્વતી છે

છે. પરંતુ પંચમહાલ જીલ્લો, મહીસાગર જિલ્લો, નસવાડી જીલ્લાના રોજમદાર મજુરો તથા કર્મચારીઓ નિવૃત થતાં સમયે તેઓને નિયત કરેલ લાભો આપવાની જોગવાઈ હોવા છતાં આ રોજમેદાર મજુર તથા કર્મચારીઓને નિવૃતિ સમયે નિયત કરેલ સમયગાળાથી લાભો આપવાની જગ્યાએ ખુબ જ ઓછી નોકરીનો સમયગાળો ગણી એટલે કે ૧૦ વર્ષ કપાત કરી તેઓને અધુરી ગ્રેજયુઈટી અને પેન્શનું આપવામાં આવેલ. પરંતુ ૩૦૦ રજાઓનો લાભ આપવામાં આવેલ ન હતો. જે અન્યાયને પડકારવા ૧ ૩૧ જેટલા સામુહિક રોજમદાર મજુર અને કર્મચારીઓએ ગુજરાત સ્ટેટ લેબર ફેડરેશનના પ્રમુખ અંબાલાલ એસ.ભોઈ, એડવોકેટ સિતેષ એ.ભોઈ તથા ૨૦ વૈભવ આઈ. ભોઈનો સંપર્ક કરી તેમના દ્વારા લાગતા વળગતા જીલ્લાના અધિકારીઓને આ લાભો આપવા માટે રીપ્રેઝન્ટેશન નોટીસ આપેલ અને આ લાભોનું સમય મર્યાદામાં પાલન કરવાની જાણકારી કરેલ. પરંતુ સરકારશ્રીના નિયુકત કરેલ અધિકારીઓ દ્વારા નોટીસનો કોઈ યોગ્ય પ્રત્યુતર ન મળતા આ વિવાદ નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષ વિધવાને એડવોકેટ ડી. આર. દવે મારફતે ઉપસ્થિત કરેલ, જે કેસો ચાલી જતાં નામદાર ગુજરાત હાઈકોર્ટ તા. ૨૮-૧૦-૨૦ ના રોજ માનનીય ન્યાયમુર્તિશ્રી જી આર. ઉધવાણી ૧૩૧ જેટલા કર્મચારીઓને હુકમ મળેથી આઠ વીકમાં નિયત કરેલ લાભો ચુકવી આપવા આદેશ ફરમાવતા રોજમદાર, મજુર તથા કર્મચારી આલમમાં આનંદની લાગણી પ્રર્વતી છે.

## શહેરાના ચલાલી ગામેથી ૧૫,૩૬૦ રૂપીયાના દારૂના જથ્થો અને ત્રણ વાહનો સાથે ચાર ઈસમોને પોલીસે ઝડપ્યા

શહેરા,

શહેરા તાલુકાના ચલાલી ગામેના પાંચ જેટલા ઈસમોએ પોતાના કબ્જામાં ઈંગ્લીશ દારૂનો જથ્થો સંતાડી રાખેલ હોય તેવી બાતમીના આધારે પોલીસે રેડ કરી હતી. રેડ દરમ્યાન બે બાઈક અને એકટીવા તેમજ દારૂની બોટલ મળી કુલ ૮૫,૩૬૦/-રૂપીયાના મુદ્દામાલ સાથે ૪ ઈસમોને ઝડપી પાડવામાં આવ્યા. જ્યારે બે ઈસમો નાશી છુટીયા હતા.

પ્રાપ્ત વિગતો પ્રમાણે શહેરા તાલુકાના ચલાલી ગામે રહેતા સંજય મોહનભાઈ મતીયા,શૈલેષ સોમાભાઈ પગી, રમેશભાઈ ભાથીભાઈ બારીયા, પ્રવિણ સોમાભાઈ પગી, ભલાભાઈ સોમાભાઈ પગી, પંકજ બાધરભાઈ બારીયા (તમામ રહે.ચલાલી) એકબીજાના મેળાપીપણામાં પોતાના કબજા અને ભોગવટાની જગ્યાએ રાખીને હેરફેર કરતા હોય તેવી બાતમીના આધારે પોલીસે રેડ કરી હતી. રેડ દરમ્યાન કાચના કવાટરીયા નંગ-૯૬ પ્લાસ્ટીક કવાટરીયા નંગ-૪૮ મળી ૧૫,૩૬૦/-રૂપીયા તથા બજાર ડીસ્કવર, સ્પ્લેન્ડર નંબર, એકટીવા નંબર વગરની મળી ૩ વાહનો કિંમત ૭૦,૦૦૦/-રૂપીયા મળી ૫૮,૩૬૦/-રૂપીયાના મુદ્દામાલ સાથે પોલીસે રેડ દરમ્યાન ચાર ઈસમો ઝડપાઈ જવા પામ્યા હતા. જ્યારે સંજય મોહનભાઈ મણીયા (બારીયા), રમેશભાઈ ભાથીભાઈ બારીયા નાશી છુટીયા હતા. આ બાબતે શહેરા પોલીસ મથકે પ્રોહિબીશન એકટહેઠળ ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

## કરજણમાં અક્ષય પટેલની ભવ્ય જીત, સોશિયલ ડિસ્ટન્સના ધજાગરા ઉડાવી મનાવાયો વિજયોત્સવ



કરજણ,

ગુજરાત વિધાનસભાની કરણ બેઠકની પેટાચૂંટણીમાં ભાજપની ભવ્ય જીત થઈ હતી. ૫૦ ટકા ઉપરાંત મતોની ગણતરી બાદ ભાજપાના ઉમેદવારે મોટી સરસાઈ મેળવતા ભાજપમાં ખુશીનો માહોલ છવાઈ ગયો હતો. કાર્યકર્તાઓ ઉત્સાહમાં આવી ગયા હતા. અક્ષય પટેલે કોંગ્રેસના ઉમેદવાર કિરીટસિંહ જાડેજાને હરાવ્યા હતા. મતગણતરી કેન્દ્રની બહાર મોટી સંખ્યામાં ભાજપના કાર્યકર્તાઓ એકઠા થયા હતા. અબીલ ગુલાલની છોળો ઉડાડીને તથા ઢોલ-નગારાના તાલે આ વિજયને વધારવામાં આવ્યો હતો. તો નવનિયુક્ત શહેર પ્રમુખ ડો.વિજય શાહ પણ ઉજવણીમાં સામેલ થયા હતા. જોકે, ભાજપના કાર્યકર્તાઓ આ ઉજવણીમાં સોશિયલ ડિસ્ટન્સિંગ અને કોરોનાને ભૂલ્યા હતા. ગુજરાત વિધાનસભાની ૮ બેઠકોની પેટાચૂંટણીનું પરિણામ છે, આવામાં તમામ ૮ બેઠકોમાં સૌથી વધુ ચર્ચામાં કરજણ બેઠક રહી હતી. મતદારોની રૂપિયાથી ખરીદવાથી લઈને નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ પર ચપ્પલ ફેંકવા સુધીની ઘટનાઓથી આ બેઠક વિવાદમાં રહી છે. જેના ચૂંટણીપંચે તપાસના આદેશ પણ આપ્યા હતા.

વડોદરાની પોલિટેકનિક કોલેજમાં કરજણ બેઠકની મતગણતરી પૂરી થઈ હતી.

## પંચમહાલ જિલ્લામાં વધુ ૧૩ વિસ્તારો કલસ્ટરમુક્ત જાહેર કરાયા

ગોધરા,

પંચમહાલ અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ એલ.બી બાંભણિયા દ્વારા ધ ગુજરાત એપિડેમિક ડિસીઝ કોવિડ-૧૯ રેગ્યુલેશન્સ, ૨૦૨૦ની કલમ-૧૧ તથા ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ, ૨૦૦૫ની કલમ-૩૦ અને ૩૪ હેઠળ મળેલા અધિકારની રૂએ જિલ્લાના કલસ્ટર કન્ટેઈન્મેન્ટ એરિયા તરીકે જાહેર કરેલ વિસ્તારો પૈકી વધુ ૧૩ વિસ્તારોને ક્લસ્ટરમુક્ત જાહેર કરવામાં આવ્યા છે. આ વિસ્તારોમાં હાલોલ નગરપાલિકામાં સમાવિષ્ટ ગોધરા તાલુકાના મોટા તોરણા ગામમાં સમાવિષ્ટ લક્ષ્મીનગરનો વિસ્તાર, કાલોલ તાલુકાના કાનોડ ગામમાં સમાવિષ્ટ વરિઆ ફળિયાનો વિસ્તાર, હાલોલ નગરપાલિકામાં સમાવિષ્ટ ૧૦૭- ધવલપાર્કનો વિસ્તાર, મહારાજા-૦૩નો વિસ્તાર, ગોકુલધામનો વિસ્તાર, આમ્રપાલી-૦૩નો વિસ્તાર, ધવલપાર્ક-૧૭નો વિસ્તાર, અંબિકાનગરનો વિસ્તાર, મધુવનપાર્કનો વિસ્તાર, દોરડાવાસનો વિસ્તાર, તીર્થ ડુપ્લેક્ષનો વિસ્તાર, હાલોલ તાલુકામાં ઈન્દ્રાલ ગામમાં સમાવિષ્ટ મોટા ફળિયાનો વિસ્તાર અને ચંદ્રપુરા ગામનો વિસ્તાર સહિતના વિસ્તારોનો સમાવેશ થાય છે.

## મોરવા(હ)ના મોજરી ગામ પાસેથી લોડીંગ છકડામાં લઈ જવાતા ૭૫ હજારના દારૂ સાથે ચાલક ઝડપ્યો

મોરવા(હ),

મોરવા(હ) તાલુકાના મોજરી મહુડા સ્ટેશન પાસે તાલુકા પોલીસના ચેકીંગ દરમ્યાન લોડીંગ છકડોમાં ચેકીંગ કરવામાં આવ્યું હતું. ચેકીંગ દરમ્યાન છકડામાંથી ઈંગ્લીશ દારૂના ક્વાટરીયા નંગ-૭૫૬ કિંમત ૭૫,૬૦૦/-રૂપીયા તથા છકડો મળી ૨,૦૦,૬૦૦/-રૂપીયાના મુદ્દામાલ સાથે એક ઈસમને ઝડપી પાડવામાં આવ્યો.

પ્રાપ્ત વિગતો પ્રમાણે મોરવા(હ) તાલુકાના મોજરી મહુડા સ્ટેશન પાસેથી પસાર થતાં લોડીંગ ટેમ્પો નંબર જીજે.૨૩.એયુ.૩૨૫૮ને પોલીસના ચેકીંગ દરમ્યાન રોકયો હતો. અને ચેકીંગ દરમ્યાન લોડીંગ છકડામાંથી ઈંગ્લીશ દારૂ પ્લાસ્ટીક કવાટરીયા નંગ-૭૫૬ કિંમત ૭૫,૬૦૦/- રૂપીયાનો જથ્થો ખુંટણખેત લીમડીના સાગર ભુરસીંગ પરમાર પાસેથી ભરી લાવ્યો હોય અને લોડીંગ છકડાનો ચાલક સંજય ઉર્ફે કાળીયો મનુભાઈ તળપદા રહે.ઓઢ તા.આણંદ લઈને એક જગ્યાએથી બીજી જગ્યા હેરફેર કરતાં ઝડપાઈ જવા પામ્યો હતો. પોલીસે ઈંગ્લીશ દારૂ અને લોડીંગ છકડો મળી ૨,૦૦,૬૦૦/-રૂપીયાના મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યો હતો. આ બાબતે મોરવા(હ) પોલીસ મથકે પ્રોહિબીશન એકટ હેઠળ ફરિયાદ નોંધાવા પામી છે.ક


કરો સોના-ચાંદી અને ગ્રહોના નંગની મંગલમય ખરીદી

સૌથી વધુ પસંદગી,
ઓછા મેકીંગ ચાર્જ, સારી ગુણવત્તા

શ્રીનાથજી જ્વેલર્સ

ફોન નં. ૦૨૬૭૨-૨૪૦૩૬૯,
મો. ૯૪૨૮૬ ૮૩૯૩૬

દિવાળી ના શુભ પ્રસંગે
નવા દાગીના ની નવી ડિઝાઇન ખરીદવા



અદુમ્બર કુવા, સોનીવાડ, ગોધરા



મનીષ એન્ટરપ્રાઈઝ દ્વારા
રોજગારીની ઉત્તમ તક.....

ગૃહ ઉદ્યોગમાં રોકાણ કરીને ઘરે બેઠા
૧૫,૦૦૦ થી ૩૦,૦૦૦ સુધી કમાઓ.

મો.9737024962 / 7778024962